પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૦૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૧-૦૮-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ગુજરાત રમખાણ સાથે જોડાયેલા તમામ કેસ બંધ

# આટલો સમય વીતી ગયા પછી સુનાવણીનો કોઈ અર્થ નથી : ગુજરાત રમખાણો સાથે જોડાયેલા ૯માંથી ૮ કેસ બંધ

### નરોડા ગામને લગતા એક કેસની સુનાવણી હજુ પણ ચાલુ છે. તેની સાથે સંબંધિત કોઈ પણ કેસની અલગથી સુનાવણી કરવાની જરૂર નથી : સુપ્રીમ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લેતાં બાબરી મસ્જિદ વિધ્વંસ અને ગુજરાત રમખાણો સાથે જોડાયેલા કેસ બંધ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોને લઈને દાખલ કરવામાં આવેલી અરજીઓનો હવે કોઈ અર્થ નથી. એવામાં તેમના પર કાર્યવાહીને બંધ કરવામાં આવી રહી છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોના ૯ માંથી ૮ કેસમાં ટ્રાયલ પુરી થઈ ગઈ છે. આ ઉપરાંત કોર્ટે બાબરી વિધ્વંસ સાથે જોડાયેલા તિરસ્કારના કેસોને બંધ કરવાનો આદેશ આપ્યો છે.

જોકે સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં એડવોકેટ પ્રશાંત ભૂષણ અને પત્રકાર તરૂણ તેજપાલ વિરૂદ્ધ તિરસ્કારની અવગણનાની કાર્યવાહીને બંધ કરવાનો આદેશ આપ્યો છે. બંનેએ આ મામલે માફી માંગી લીધી છે. જોકે પ્રશાંત ભૂષણે ૨૦૦૯ માં એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ અને હાલના જજો પર ભ્રષ્ટાચારના આરોપ લગાવવામાં આવ્યા હતા. આ કેસની પેરવી કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલે માફી માંગી લીધી છે. એટલા માટે બંને વિરૂદ્ધ કેસને બંધ કરવામાં આવે છે. તેમની આ માંગને જસ્ટિસ ઈન્દીરા બેનર્જી, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એમ.એમ. સુંદરેશની બેંચએ સ્વિકાર કરી લીધો છે.

પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલને નવેમ્બર ૨૦૦૯ માં નોટીસ જાહેર કરવામાં આવી હતી. પ્રશાંત ભૂષણે તેના પર સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે 'મે તહેલકાને ૨૦૦૯ માં જે ઈન્ટરવ્યું આપ્યો હતો, તેમાં કરપ્શન શબ્દ કોઈ વિશેષ વસ્તુ માટે કરવામાં આવ્યો ન હતો. આ વાત મે વ્યાપક સંદર્ભમાં કહી હતી. તેનો સંબંધ નાણાકીય ભ્રષ્ટાચાર સાથે નથી. જો કોઈ જજ અથવા પછી તેમના પરિવારને તેનાથી દુખ પહોંચ્યું હોય તો માફી માંગુ છું. 'પ્રશાંત ભૂષણે ઓગસ્ટ ૨૦૨૦માં પોતાના નિવેદન પર માફી માંગી હતી.

ચીફ જસ્ટિસ યૂ યૂ લલિતની અધ્યક્ષતા વાળી બેંચે કહ્યું કે આટલા લાંબા સમય બાદ આ મામલાઓની



સુનાવણીનો કોઈ અર્થ નથી. સુપ્રીમ કોર્ટમાં ગુજરાત રમખાણોને લગતી અનેક અરજીઓ પેન્ડિંગ છે. નીચલી અદાલતોએ ગુજરાત રમખાણો સાથે જોડાયેલા ૯ માંથી ૮ કેસોમાં ચૂકાદો આપ્યો છે. નરોડા ગામને લગતા એક કેસની સુનાવણી હજુ પણ ચાલુ છે. તેની સાથે સંબંધિત કોઈ પણ કેસની અલગથી સુનાવણી કરવાની જરૂર નથી. ૨૪ જૂને સુપ્રીમ કોર્ટે ઝાકિયા જાફરીની પીએમ મોદી વિરુદ્ધની અરજી ફગાવી દીધી હતી. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં ક્લિનચીટ આપતા એસઆઈટીના રિપોર્ટ સામે આ અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમે ચુકાદો આપ્યો હતો કે ઝાકિયાની અરજીમાં યોગ્યતા નથી.

સર્વોચ્ચ અદાલતમાં ગુજરાતનાં રમખાણો સંબંધિત દસ અરજીઓ હતી, જેમાંથી એક રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ તરફથી પણ દાખલ કરવામાં આવી હતી.મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ યુયુ લલિત, જસ્ટિસ રવીન્દ્ર ભટ્ટ અને જેબી પારડીવાલાની બેન્ચે કહ્યું છે કે કોર્ટે આ મામલે વિશેષ તપાસસમિતિ રચી હતી અને રમખાણો સાથે જોડાયેલા નવમાંથી આઠ કેસમાં સુનાવણી પણ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે નોંધ્યું હતું કે માત્ર નરોડા પાટિયા રમખાણોનો કેસ ટ્રાયલ સ્ટેજ પર છે અને અંતિમ દલીલોના તબક્કામાં છે.એસઆઈટી તરફથી કોર્ટમાં વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ જણાવ્યું કે નવમાંથી માત્ર એક જ કેસની સુનાવણી બાકી છે. આ નરોડા ગામ વિસ્તાર સાથે સંકળાયેલો કેસ છે અને એ અંતિમ દલીલોના તબક્કામાં છે. મુખ્ય ન્યાયાધીશે એવું પણ કહ્યું કે નરોડા કેસમાં કાયદા અનુસાર સુનાવણી થશે અને એસઆઈટી એની રીતે કાર્યવાહી કરી શકે છે. નોંધનીય છે કે ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન ઉપર થયેલા હુમલા બાદ ગુજરાતભરમાં તોફાનો શરૂ થયાં હતાં.

ફેબ્રુઆરી ૨૮, ૨૦૦૨ના રોજ બજરંગદળના તેમજ બીજા લોકોએ મળીને અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને તે વસાહતનાં અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી. આ હત્યાકાંડમાં ૯૭ લોકો માર્યા ગયા હતા. જીૈંની રચના પહેલાં સ્થાનિક પોલીસે આ કેસમાં ૪૬ લોકોની ધરપકડ કરી હતી અને ચાર ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં કુલ ૭૦ આરોપીઓ પૈકી સાત આરોપીઓનાં ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયાં હતાં અને બે લોકો ભાગેડુ હતા. કેસમાં ૩૨ લોકોને સજા થઈ અને તેમાંથી બે લોકોનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. ટ્રાયલ કોર્ટ પોતાના ચુકાદામાં ભાજપનાં મંત્રી માયા કોડનાણીને આ તોફાનોનાં મુખ્ય સુત્રધાર ગણાવ્યાં હતાં અને તેમને ૨૮ વર્ષની જેલની સજા કરી હતી.

આ ચુકાદો આપતી વખતે મૅજિસ્ટ્રેટે કહ્યું હતું કે કોડનાણીએ પોતાની ધારાસભ્ય તરીકેની ફરજને છોડી દીધી હતી. જ્યારે તેમની ધરપકડ થઈ ત્યારે તેઓ નરેન્દ્ર મોદીની સરકારમાં મહિલા અને બાળવિકાસમંત્રી હતાં. આ કેસમાં તે સમયના ભાજપના પ્રમુખ અને હાલના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ એસઆઈટી સમક્ષ માયા કોડનાણીની તરફેણમાં જુબાની આપી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે કોડનાણીની હાજરી સોલા સિવિલ હૉસ્પિટલ અને ગુજરાત વિધાનસભામાં હતી. જ્યારે સુપ્રીમ કોર્ટ કોડનાણીની જામીન અરજી સાંભળી રહી હતી, ત્યારે ટ્રાયલ કોર્ટનો ચુકાદો ડિબેટેબલ છે, તેવી ટિપ્પણી કરી હતી.

ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરાકાંડ બાદ ગુજરાતમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં. ઉપદ્રવીઓએ અમદાવાદ સ્થિત લઘુમતી સમુદાયની વસતિવાળી ગુલબર્ગ સોસાયટીને નિશાન બનાવી હતી, જેમાં ઝાકિયા જાફરીના પતિ અને કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરી સહિત ૬૯ લોકો માર્યા હતા. તેમાંથી ૩૮ લોકોના મૃતદેહો મળ્યા હતા, જ્યારે જાફરી સહિત ૩૧ લોકોને લાપત્તા દર્શાવાયા હતા.૨૦૦૮માં સુપ્રીમ કોર્ટે એસઆઈટીની રચના કરી હતી. એસઆઈટીએ આ કેસમાં થયેલી તમામ સુનવણીનો રિપોર્ટ આપવાનો આદેશ કર્યો. બાદમાં ઝાકિયાની ફરિયાદની તપાસ પણ એસઆઈટીને અપાઈ. એસઆઈટીએ મોદીને ક્લીનચિટ આપી અને ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટના આદેશ પર એસઆઈટીના મેજિસ્ટ્રેટને ક્લોઝર રિપોર્ટ આપ્યો.

૨૦૧૩માં ઝાકિયાએ ક્લોઝર રિપોર્ટનો વિરોધ કરતાં મેજિસ્ટ્રેટ સામે અરજી કરી. મેજિસ્ટ્રેટે અરજી ફગાવી દીધી. ત્યાર પછી ઝાકિયાએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો. હાઈકોર્ટે ૨૦૧૭માં મેજિસ્ટ્રેટના ચુકાદાને યથાવત્ રાખ્યો. ત્યારે ઝાકિયાએ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જે અંતર્ગત આજે સુપ્રીમ કોર્ટે આજે કેસ બંધ કરવાનો આદેશ આપ્યો છે.

# તલાક-એ-હસન ટ્રીપલ તલાક જેવા નથી, મહિલાઓ પાસે 'ખુલા' નો વિકલ્પ : સુપ્રીમ

નવીદિલ્હી,

મુસ્લિમોમાં ટ્રીપલ તલાકની જેમ 'તલાક-એ-હસન' પણ છૂટાછેડા આપવાની એક રીત છે, પરંતુ તેમાં ત્રણ મહિનામાં ત્રણ વખત નિશ્ચિત સમયાંતરે તલાક બોલીને સંબંધ ખતમ કરવામાં આવે છે. ઈસ્લામમાં પુરુષ 'તલાક' લઈ શકે છે જ્યારે મહિલાઓ માટે 'ખુલા' મારફત પતિથી અલગ થવાનો વિકલ્પ હોય છે.



ન્યાયાધીશ એસ.કે. કૌલ અને ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશની બેન્ચે કહ્યું કે, પતિ અને પત્ની એક સાથે ના રહી શકે તો સંબંધ તોડવાના આશય ફેરફાર ન થવાના આધારે બંધારણની કલમ ૧૪૨ હેઠળ તલાક આપી શકાય છે. બેન્ચ 'તલાક-એ-હસન' અને 'એક તરફી ન્યાયેત્તર તલાકના બધા અન્ય રૂપોને ગેરકાયદે તથા ગેરબંધારણીય' જાહેર કરવાની વિનંતીવાળી અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં દાવો કરાયો છે કે તલાકની આ રીત મરજી મુજબની, અસંગત અને મૌલિક અધિકારોનો ભંગ કરે છે.

બેન્ચે કહ્યું કે તલાક-એ-હસન એ રીતે ટ્રીપલ તલાક નથી. મુસ્લિમોમાં લગ્ન એક પ્રકારનો કરાર હોવાના કારણે તમારી પાસે ખુલાનો વિકલ્પ પણ છે. બે લોકો એક સાથે ના રહી શકે તો અમે પણ લગ્ન તોડવાનો ઈરાદો ન બદલાવાના આધારે તલાકની મંજૂરી આપીએ છીએ. જો વરરાજા દ્વારા નવવધુને રોકડ અથવા અન્ય રૂપમાં અપાતી ભેટ 'મહેર' અપાય છે તો શું તમે પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે તૈયાર છો? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પ્રથમ દષ્ટીએ અમે અરજદાર સાથે સંમત નથી. અમે તેને કોઈપણ કારણથી કોઈ એજન્ડા બનાવવા માગતા નથી. અરજદાર બેનઝીર હિના તરફથી વરિષ્ઠ વકીલ પિંકી આનંદે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે ટ્રીપલ તલાકને ગેરબંધારણીય જાહેર કર્યા હતા, પરંતુ તેણે તલાક-એ-હસનના મુદ્દે ચૂકાદો આપ્યો નથી. સુપ્રીમે પિંકી આનંદને એ પણ નિર્દેશ લેવા કહ્યું કે અરજદારને 'મહેર' કરતાં વધુ રકમની ચૂકવણી કરવામાં આવે તો શું તે તલાકની પ્રક્રિયા પર સમજૂતી કરવા માટે તૈયાર હશે? બેન્ચે અરજદાર મહિલાને એ પણ સવાલ કર્યો કે તે આ કેસમાં સીધા જ સુપ્રીમ કોર્ટમાં કેમ આવ્યા છે? આ કેસ અંગે હાઈકોર્ટ ગયા કે નહીં? શું આવા અન્ય કોઈ કેસ પણ પેન્ડિંગ છે? બેન્ચે અરજદારને કહ્યું કે, 'મુબારત' મારફત આ કોર્ટના હસ્તક્ષેપ વિના પણ લગ્ન તોડવા શક્ય છે. સુપ્રીમ હવે આ કેસમાં ૨૯મી ઑગસ્ટે સુનાવણી કરશે.

ગાઝિયાબાદ નિવાસી હિનાએ બધા નાગરિકો માટે છૂટાછેડાના સમાન અધાર અને પ્રક્રિયા બનાવવા કેન્દ્રને નિર્દેશ આપવા પણ કોર્ટને વિનંતી કરી હતી. હિનાએ દાવો કર્યો કે તે 'તલાક-એ-હસન'ની પીડિતા છે. હિનાને તેના પતિએ તલાક-એ-હસન હેઠળ નોટિસ મોકલી હતી, જેને તેણે સુપ્રીમાં પડકારી છે. મહિલાની દલીલ છે કે તલાક-એ-હસન મહિલાઓના ગૌરવ વિરુદ્ધ છે અને સન્માન સાથે જીવન જીવવાના અધિકારની પણ વિરુદ્ધ છે.

# સપ્ટેમ્બર મહીનામાં બેંક ૧૩ દિવસ બંધ રહેશે

નવીદિલ્હી,

સપ્ટેમ્બરનો મહિનો શરુ થવા જઈ રહ્યો છે. હવે ઓગસ્ટ મહિનાના બે જ દિવસ બાકી છે. ત્યારે તમારે જાણી લેવું જોઈએ કે સપ્ટેમ્બરમાં બેંકો ૧૩ દિવ બંધ રહેશે. જોકે આ ૧૩ દિવસની રજા દેશના તમામ ખૂણામાં નહીં રહે પરંતુ કેટલાક રાજ્યોમાં કોઈ દિવસ રજા રહેશે તો બીજા કેટલાક રાજ્યોમાં તે દિવસે બેંક ચાલું રહી શકે છે. ત્યારે અલગ અલગ શહેરમાં રજાનું આ લિસ્ટ અલગ અલગ હોઈ શકે છે. પરંતુ મોટાભાગની રજા એવી છે જે લગભગ તમામ જગ્યાએ પાળવામાં આવશે. ત્યારે તમારે આ લિસ્ટ પર નજર નાખી લેવી જોઈએ.

આજે ડિજિટલ અને ઓનલાઈનનો જમાનો છે. ત્યારે ઘણા કામ તો મોબાઈલ એપથી કે લેપટોપમાં વેબસાઈટ દ્વારા જ થઈ જાય છે. પરંતુ તેમ છતાં કેટલાક કામ એવા હોય છે જેના માટે વ્યક્તિએ બેંકની બ્રાન્ચની મુલાકાત લેવી પડે છે. ત્યારે ઘણીવાર લોકોને ખબર નથી હોતી કે આગામી દિવસોમાં બેંક ક્યારે ક્યારે બંધ હોય છે અને તેના કારણે ઘણીવાર યોગ્ય પ્લાનિંગ ન હોવાથી કામ અટકી પડે છે. આ સમયે તમને આવી રજાઓ અંગે ખબર હોવી જોઈએ અને તેના મુજબ તમારા કામ પ્લાનિંગ કરો તો તેને સમય રહેતા પૂરા કરી શકો છો. ત્યારે અમે તમને જણાવી દઈએ કે સપ્ટેમ્બરમાં ૧૩ દિવસ અલગ અલગ જગ્યાએ બેંકો બંધ રહેવાની છે. તેવામાં આ લિસ્ટ તમારે ચોક્કસપણે ચેક કરી લેવું જોઈએ.

# મુસેવાલા કેસનો માસ્ટરમાઈન્ડ સચિન બિશ્નોઈ અઝરબૈજાનમાં ઝડપાયો

અઝરબૈજાન,

સિદ્ધુ મુસેવાલા મર્ડર કેસમાં હવે વિદેશોમાં પણ કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભત્રીજા સચિન બિશ્નોઈની અઝરબૈજાનમાં અટકાયત કરવામાં આવી છે. સચિન બિશ્નોઈ લોરેન્સની ગેંગને બહારથી ચલાવે છે.તપાસ એજન્સીઓનો દાવો છે કે સિદ્ધુ મુસેવાલાની હત્યામાં સચિનની પણ ભૂમિકા હતી. સચિન બિશ્નોઈને પણ બિશ્નોઈ ગેંગના મુસેવાલાની હત્યાની જાણ હતી. તપાસ એજન્સી સચિનને હત્યાનો માસ્ટરમાઈન્ડ પણ જણાવી રહી છે.



અગાઉ પોલીસે દાવો કર્યો હતો કે તેના મિત્ર સંદીપ ઉર્ફે કેકરાએ સચિનના કહેવા પર જ સિદ્ધુ મુસેવાલાની રેક કરી હતી. ઘટનાના દિવસે કરચલો સિદ્ધુ મુસેવાલાના ચાહક તરીકે તેના ઘરે પહોંચ્યો હતો.કરચલાએ બહાર મુસેવાલા સાથે સેલ્ફી લીધી હતી અને તે લાંબા સમય સુધી ઉભો રહ્યો હતો. મુસેવાલા બહાર આવતાની સાથે જ કરચલાએ ફરીથી તમામ માહિતી શૂટર્સને આપી. જે બાદ શૂટરોએ મૂઝવાલાને ઘેરી લેવાનો પ્લાન બનાવ્યો અને મોકો મળતા જ ગોળીબાર કર્યો હતો.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

વી. જે. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. ધારીયા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ડી. પી. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. ઢીંકવા,
તા. હાલોલ,
જી. પંચમહાલ





**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લામાં મતદાર નોંધણી કાર્યક્રમમાં એક દિવસમાં ૧૫૩૯૫ અરજીઓ મળી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં મતદાર નોંધણી ઝુબેશ માં ૨૦૪૬૩ અરજી મળી છે. એ ઉપરાંત ૨૮ મી ઓગષ્ટે ૧૫૩૯૫ અરજી મળી હતી તેમજ ૪ મી સપ્ટેમ્બરે જિલ્લાના તમામ ૯૭૪ બુથ પર કેમ્પ યોજાશે, ૧૦મી ઓક્ટોમ્બરના રોજ મતદારયાદી આખરી પ્રસિધ્ધિ કરાશે.

આ ખાસ ઝુંબેશ દરમ્યાન જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર સહિત નાયબ ચુંટણી અધિકારી સહિત અધિકારીઓએ જિલ્લાના વિવિધ બુથોની મુલાકાત લીધી હતી.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં નવા મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ ૧૨મી ઓગષ્ટ થી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં તા.૨૧ અને ૨૮મી ઓગષ્ટ તેમજ તા.૪ અને ૧૧મી સપ્ટેમ્બરના આમ ચાર રવિવાર ખાસ ઝુંબેશના દિવસ તરીકે જાહેર કરી મતદાર યાદીમાં નામ દાખલ કરવા, કમી કરવા કે સુધારો કરવા માટે અરજીનો નિકાલ કરવામાં આવી રહ્યા છે.

૨૮મી ઓગષ્ટે મહીસાગર જિલ્લાના તમામ બુથ પર આ કાર્યક્રમ દરમ્યાન ૧૫૩૯૫ ફોર્મ્સ સ્વિકારવામાં આવ્યા હતા જેમાં નવા મતદાર તરીકેની નોંધણી માટે ૪૮૯૪ ફોર્મ નં–૬ તેમજ સ્થળાંતરના કારણે સરનામું બદલ્યું હોય, નામ કમી કરવાનું હોય તેવા ૮૨૯ ફોર્મ નં–૭ સ્વિકારવામાં આવ્યા હતા.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કર્યક્રમ હેઠળ મતદાર તરીકે નોંધણી કરાવવા હજી કોઈ યુવા મતદારો બાકી રહી ગયા હોય તો તા.૪ અને ૧૧ સપ્ટેમ્બર ના રોજ BLO પાસે જઈ નોંધણી કરાવી શકે છે તેમજ ચૂંટણી પંચ દ્વારા આપેલ વેબ સાઈટ http://www.nvsp.in, https://voterportal.eci.gov.in, તથા voter help line app પર ઘરે બેસીને ઓનલાઈન નોંધણી કરી શકો છો.

## મોરવા(હ)ના ચાંદપુર ગામે ૪૫ વર્ષીય મહિલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના ચાંદપુર ગામે ૪૫ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ચાંદપુર ગામે ઈન્દીરા આવાસમાં રહેતા મધુબેન સરતાનભાઈ બારીયા ઉ.વ.૪૫એ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવી.

## સામલી થી ગોધરાને જોડતા માર્ગ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિતનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના સામલી થી ગોધરા તરફ આવતાં રોડ ઉપર ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટક્કર મારતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિત ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી બી ડીવીઝન મથકે નોંધાઈ.

ગોધરા તાલુકાના સામલી ગામ થી ગોધરા તરફ આવતા રસ્તા ઉપર દરૂણીયા હનુમાન મંદિર નજીક ફોર વ્હીલ નં.જીજે.૦૯.બીજે.૯૯૧૯ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક નંબર જીજે.૦૬.ડીએમ.૧૩૪૩ને ટક્કર મારી યોગેશભાઈ રાઉલજીને શરીરે ઈજાઓ કરી તેમજ પાછળ બેઠેલ અલ્પેશભાઈ રોડ સાઈડે પટકાતા માથા તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ કરી ઘટના સ્થળે મોત નિપજાવી ફોર વ્હીલ ચાલક નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગણેશ ચતુર્થીએ આખો દિવસ રવિયોગ રહેશે : સ્થાપના સવારે ૧૧.૪૩ વાગ્ય કરવી શુભ

આ વર્ષે ગણેશ ઉત્સવ ખૂબ જ શુભયોગમાં ઊજવવામાં આવશે. ગણેશોત્સવની શરૂઆત આજથી ૩૧ ઓગસ્ટ, બુધવારના દિવસથી થઈ રહી છે. શાસ્ત્રોમાં બુધવારનો દિવસ ભગવાન ગણેશને સમર્પિત છે. બુધવારના દિવસે ભગવાન ગણેશજીની પૂજા-આરાધના કરવાથી બધાં જ પ્રકારનાં સુખની પ્રાપ્તિ થાય છે અને જીવનમાં આવતાં વિઘ્નો તરત જ દૂર થઈ જાય છે.

આ સિવાય ગણેશચોથના દિવસે રવિયોગનો સંયોગ પણ બની રહ્યો છે. રવિયોગમાં કરવામાં આવતી પૂજા હંમેશાં લાભકારી હોય છે. આ દિવસે રવિયોગ ૩૧ ઓગસ્ટના સવારે ૬ વાગીને ૦૬ મિનિટથી શરૂ થશે, જે ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૨ વાગીને ૧૨ મિનિટ સુધી રહેશે. ત્યાં જ જો ગ્રહોના યોગની વાત કરવામાં આવે તો ગણેશચતુર્થીના દિવસે ચાર મુખ્ય ગ્રહ સ્વરાશિમાં રહેશે. ગુરુ પોતાની સ્વરાશિ મીનમાં, શનિ મકર રાશિમાં, બુધ ગ્રહ પોતાની જ રાશિ કન્યામાં અને સૂર્યદેવ સ્વરાશિ સિંહમાં રહશે. આ કારણે શુભ સંયોગમાં ગણેશ સ્થાપના કરવાથી જીવનમાં વૈભવ, સમૃદ્ધિ અને સુખની પ્રાપ્તિ થશે.

આ વર્ષે એ બધા જ યોગ-સંયોગ બની રહ્યા છે, જે ગણેશજીના જન્મ સમયે બન્યા હતા. દિવસ બુધવાર, તિથિ ચોથ, નક્ષત્ર ચિત્રા અને બપોર સમય. આ એ જ સંયોગ હતા, જ્યારે પાર્વતીજીએ માટીના ગણેશ બનાવ્યા હતા અને શિવજીએ એમાં પ્રાણ ઉમેર્યા હતાં. આ ઉપરાંત કેટલાક દુર્લભ અને શુભ યોગ બની રહ્યા છે, જે ૩૧ ઓગસ્ટથી ૯ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ દરમિયાન રહેશે.

- ગણેશ સ્થાપના અને પૂજાનાં શુભ મુહૂર્ત.
- સવારે- ૧૧.૪૩થી બપોરે ૧૩.૫૬ સુધી.
- વિજય મુહૂર્ત- બપોરે ૦૨.૦૫થી ૦૨.૫૫ સુધી.
- ગોધૂલિ મુહૂર્ત- સાંજે ૦૬.૦૬થી ૦૬.૩૦ વાગ્યા સુધી.
- અમૃત કાળ- સાંજે ૦૫.૪૨ થી ૦૭.૨૦ સુધી.
- દિવસનાં ચોઘડિયાં.
- લાભઃ સવારે ૦૬.૧૨થી ૦૭.૪૬ સુધી.
- અમૃતઃ સવારે ૦૭.૪૬થી ૦૯.૧૯ સુધી.
- શુભઃ સવારે ૧૦.૫૩થી ૧૨.૨૭ સુધી.
- લાભઃ સાંજે ૦૫.૦૮થી ૦૬.૪૧ સુધી.

: શુભ યોગ સંયોગ :

રવિયોગ- સવારે ૦૫.૩૮થી રાતે ૧૨.૧૨ વાગ્યા સુધી રવિયોગ રહેશે. આ દિવસે શુક્લ યોગ પણ રહેશે.

: નક્ષત્ર- ચિત્રા અને સ્વાતિ :

ગ્રહ- સૂર્ય સિંહમાં, ગુરુ મીનમાં, શનિ મકરમાં અને બુધ કન્યા રાશિમાં રહેશે. આ ચારેય ગ્રહ પોતાની જ રાશિમાં રહેશે. બાકી મંગળ વૃષભમાં અને શુક્ર કર્ક રાશિમાં રહશે. રાહુ મેષ તો કેતુ તુલામાં રહેશે.

જે મૂર્તિમાં ગણેશજીની સૂંઢ જમણી તરફ હોય, એને સિદ્ધિવિનાયક સ્વરૂપ માનવામાં આવે છે, જ્યારે ડાબી સૂંઢવાળા ગણેશ વિઘ્નવિનાશક કહેવામાં આવે છે. સિદ્ધિવિનાયકને ઘરમાં સ્થાપિત કરવાની પરંપરા છે અને વિઘ્નવિનાશક ઘરની બહાર દ્વાર પર સ્થાપિત કરવામાં આવે છે, જેથી ઘરમાં કોઈ પ્રકારનું વિઘ્ન, એટલે કે પરેશાનીઓનો પ્રવેશ થઈ શકે નહીં. ઓફિસમાં ડાબી તરફ સૂંઢવાળા અને ઘરમાં જમણી તરફ સૂંઢવાળા ગણપતિજીને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

ગણેશજીની મૂર્તિ માટીની હોવી જોઈએ, કેમ કે માટીમાં સ્વાભાવિક પવિત્રતા હોય છે. જ્યોતિષીઓ અને ધર્મશાસ્ત્રોના જાણકારોના જણાવ્યા પ્રમાણે, માટીની ગણેશ પ્રતિમા પંચતત્ત્વથી બનેલી હોય છે. એ મૂર્તિમાં જમીન, જળ, વાયુ, અગ્નિ અને આકાશના અંશ રહેલા હોય છે, એટલે એમાં ભગવાનનું આવાહન અને તેની પ્રતિષ્ઠા કરવાથી કાર્ય સિદ્ધ થાય છે. માટીના ગણેશની પૂજા કરવાથી પોઝિટિવ ઊર્જા મળે છે. ત્યાં જ પ્લાસ્ટર ઓફ પેરિસ અને અન્ય કેમિકલ્સ દ્વારા બનેલી મૂર્તિમાં ભગવાનનો અંશ રહેતો નથી. એનાથી નદીઓ પણ અપવિત્ર થાય છે. બ્રહ્મપુરાણ અને મહાભારતના અનુશાસન પર્વમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે નદીઓને ગંદી કરવાથી દોષ લાગે છે.

## ઘોઘંબા નગરમાં "મહાકાલ કા રાજાનું" આગમન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા નગરમાં ગણેશ મહોત્સવ પૂર્વે "મહાકાલ કા રાજાનું" આગમન થઈ રહ્યું છે. આજે ઘોઘંબા નગરના મહાકાલ યુવક મંડળ દ્વારા "મહાકાલ કા રાજાને" વાજતે ગાજતે લાવવામાં આવ્યા હતાં. નગરમાં પધારી રહેલા "મહાકાલ કા રાજાને" જોવા નગરજનો ઉમટ્યા હતા. ડીજેના તાલ સાથે ભક્તોના નાચગાન વચ્ચે ઘોઘંબા નગર પધારેલા ગણેશજીને એસ.એચ. વરીયા હાઈસ્કૂલ થી લાઈબ્રેરી સુધી લાવવામાં આવ્યા હતા.

## દે.બારીયા ખાતે પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં ગોધરા સાયન્સ કોલેજના વિદ્યાર્થી યુનિવર્સીટીમાં પ્રથમ



દે.બારીયા,
ગુરૂ ગોવિંદ યુનિવર્સીટી તરફ થી દેવગઢ બારીયા સપોર્ટ કોમ્પ્લેક્સમાં પાવર લિફ્ટિંગ કોમ્પીટીશન રાખવામાં આવેલ હતી. જેમાં ગોધરા SPT આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા અશફાક મુસ્તાક પટેલ સ્કોટમાં ૧૦૫kg, બેન્ચ પ્રેસ ૭૫kg, ડેડ લિફ્ટ ૧૪૦kg એમ ટોટલ ૩૨૦kg લિફ્ટ કરી આખી યુનિવર્સીટીમાં પ્રથમ ક્રમે આવી ચેમ્પિયન બની કોલેજ તથા ગોધરાના નામને રોશન કર્યું છે.

# સંતરામપુર રાષ્ટ્રીય શૈક્ષણિક મહોત્સવ દ્વારા જુની પેન્શન યોજના માટે ૩૦ સપ્ટેમ્બર થી આંદોલનના મુડમાં

સંતરામપુર,
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા અને તમામ વર્ગના શિક્ષકો અને કર્મચારીઓ જોડાશે જૂની પેન્શનની અમોલ માટે સૂત્ર ચાર રેલી શહીદ કાર્યક્રમ રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંગ ગુજરાતના વડ પણ હેઠળ રચાયેલી રાષ્ટ્રીય ઓલ પેન્શન પુનઃ સ્થાપન સંયુક્ત મોરચો ગુજરાત મહિસાગર જિલ્લાના તમામ કર્મચારી મહામંડળ જિલ્લા સંતરામપુર તાલુકો અને મહીસાગર સંયુક્ત ઉપક્રમે જૂની પેન્શન યોજના અમલીકરણની ન્યાયસંગત માંગણીને વધારે બુલંદ બનાવવા માટે કર્મચારીના ભવિષ્યના હિત સાથે સંકળાય લડતના સમય તારે ક્રમિક કાર્યક્રમો કરવાની સાથે સાથે સરકારમાં ઉગ્ર રજૂઆત કરવામાં આયોજન મહીસાગર જિલ્લામાં ઓનલાઈન આ મિટિંગ યોજવામાં આવેલી હતી. જેમાં જૂની પેન્શન યોજના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ સૂત્ર ચાર રેલી તથા અગામી ૩ સપ્ટેમ્બરના રોજ કલેકટર ની આવેદનપત્ર ૧૭ સપ્ટેમ્બરના રોજ માસ સીએલ તારીખ ૨૨ સપ્ટેમ્બરના રોજ પેન ડાઉન તથા ૩૦ સપ્ટેમ્બર થી જિલ્લાના તમામ કર્મચારી દ્વારા આ ચોક્કસ મુદતની હડતાળ સુધીના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવેલ છે. આમાં આ ઓનલાઈન મિટિંગમાં હોદ્દેદારો સભ્યો હાજર રહીને બહાલી આપેલી હતી. કર્મચારીને મળવા પાત્ર સાતમા પગાર પંચના બાકી તમામ નાણાકીય લાભ મળવા જોઈએ ૪૨૦૦ ગ્રેડ–પે પ્રાથમિક અને માધ્યમિક શાળા ઓને શિક્ષકોના અન્ય પ્રશ્નો સાથે મુખ્ય શિક્ષકએચ–ટેટના પ્રશ્નો વગેરે બાબતે પણ સરકારમાં ઉગ્ર અને પરિણામલક્ષી રજૂઆત કરવા માટેનું આયોજન કરાયું હતું. મહીસાગર જિલ્લાના રાષ્ટ્રીય શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ નીતિનભાઈ પટેલ હોદ્દેદારો તમામ હાજર રહીને નિર્ણય લીધેલો હતો.

## ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર અદાલત ગોધરાનો હુકમ ફેરફાર થતા અરજદારને નોકરીમાં હાજર કરવાના આદેશથી સરકારના કાયમી થવાના પરિપત્રોના લાભો મેળવવાના હકદાર બનતા સામૂહિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓમાં આનંદ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના મલાવ મુકામે આવેલ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા રેફરલ હોસ્પિટલ હાલોલ તેમજ આશુતોષ મુની મેડિકલ સેન્ટર મલાવ તાલુકો કાલોલના તાબા હેઠળ તારીખ ૧૭/૧/૨૦૦૦ થી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સવિતાબેન મંગળભાઈ હરિજનને સંસ્થાના અધિકારીઓએ તેમને કાયમી કરવાના પડે અને સરકારના નિયત કરેલ પગાર ધોરણ ચૂકવવા ના પડે તેવા કારણોસર કોઈપણ જાતના કક્કો ચૂકવ્યા સિવાય તારીખ ૨/૫/૦૬ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છૂટા કરી દેતા અરજદાર સવિતાબેને ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા સંસ્થાના અધિકારીઓને અરજદારને પડેલા દિવસોના પુરા પગાર સહિત તેની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા બાબતે નોટીસ પાઠવે પરંતુ તે બાબતે કોઈ સુખદ સમાધાન ન થતા આ વિવાદ નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ કેસ નંબર ૪૨/૧૪ દાખલ કરવામાં આવે જે કેસ ચાલી જતા અરજદાર તરફે ફેડરેશન ના માર્ગદર્શન હેઠળ પેનલ એડવોકેટ એસ.એ.ભોઈ તથા વૈભવ.આઈ.ભોઈ એ અદાલત સમક્ષ દલીલો કરતા અરજદારને નોકરી અને પડેલા દિવસોનો પગાર પેટે ઉચક વળતર રૂપિયા ૫૯ હજાર વળતર ચૂકવવાનો આદેશ કરતા જે આદેશથી નારાજ થઈ અરજદારે ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસી એ નંબર ૧૭૯૩/૧૯ દાખલ કરેલ હતા. નામદાર ગુજરાત હાઈકોર્ટે મજૂર અદાલત ગોધરાના હુકમમાં તારીખ ૨૩/૮/૨૨ રોજ સુધારો કરી સવિતાબેન હરિજનને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરીથી તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો આદેશ કરેલ છે. જે આદેશથી અરજદારને આવનાર દિવસોમાં સરકારના પરિપત્રના લાભો મેળવવાના હક્કો મળ્યા છે. આ આદેશથી સામૂહિક આરોગ્ય કેન્દ્રના રોજમદાર કામદારોમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

## શહેરાની તાડવા હાઈસ્કૂલમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
ભારત સરકારનાં યુવાકાર્ય અને ખેલકુદ મંત્રાલય નેહરૂ યુવા કેન્દ્ર, ગોધરા અને ઘનશાયમહાઈસ્કૂલ,તાડવા શહેરાના સંયુક્ત ઉપક્રમે હાઈસ્કૂલના પટાંગણમાં હોકીના જાદુગર મેજર દયાનચંદજીની જન્મ જયંતી અને રાષ્ટ્રીય રમત દિવસની આજે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ડી.એ.પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન મુજબ શરૂઆતમાં શાળાના સ્પોર્ટ્સ 'નેશનલ સ્પોર્ટ્સ ડે'નું મહત્વ અને જીવનમાં યોગ, રમતનું મહત્વ સમજાવ્યું હતું અને અમલીકરણ મુજબ શાળાના રમતપ્રેમી વિદ્યાર્થીઓએ 'નેશનલ સ્પોર્ટ્સ ડે' અંતર્ગત જુદા.જુદા દોડ, કૂદ જેવી એથલેટિક્સ રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જ્યારે દોડ, કબડ્ડી, રસ્સાખેચ, લીંબુ ચમચી, કોથળા દોડજેવી સાંઘિક રમતો પણ રમ્યાં હતા. જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ દ્વારા સૌને બાળકોને પ્રમાણપત્ર, ટોફી અર્પણ સાથે ધન્યવાદ સાથે હાર્દીક અભિનંદન પાઠવ્યા હતા. આમ, તન તંદુરસ્ત; મન તંદુરસ્તના નાતે વિદ્યાર્થીઓ યોગાસનો જાણે, સમજે અને રમત પ્રત્યે રૂચિ જાગે તેવા આશયથી નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવ્યો હતો.

## ગોધરા રાણી મસ્જીદ પાસે ચાલતી ગટર લાઈન કામગીરી હલ્કી ગુણવત્તાની કરાતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

ગોધરા,
ગોધરાના પશ્ચિમ વિસ્તારના રાણી મસ્જીદ પાસ પાલિકા દ્વારા ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. તે હલ્કી ગુણવત્તાની તેમજ વેઠ ઉતારવામાં આવતી હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

ગોધરા રાણી મસ્જીદ પાસે પાલિકા દ્વારા વરસાદી પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામાં આવી રહી છે. ગટર લાઈનની કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા હલ્કી અને તકલાદી તેમજ યોગ્ય મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. પશ્ચિમ વિસ્તારમાં લાંબા સમય બાદ વિકાસના કામો થઈ રહ્યા હોય ત્યારે ગટર લાઈન જેવી લાંબા ગાળાની માળખાકીય સુવિધા પુરી પાડવાની યોજના સાચા અર્થમાં સાર્થક કરવા માટે યોગ્ય ગુણવત્તાવાળી કામગીરી કરવામાં આવે તે જરૂરી છે. હાલ ગટર લાઈનની ચાલતી કામગીરીમાં હલ્કી ગુણવત્તાની કામગીરી કરાઈ રહી હોવાના સ્થાનિક લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહી રહ્યા છે.

## આપની આજ.......

મેષ : આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ક્ષેત્રે કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહયોગ પણ મળશે.

વૃષભ : આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે. લાંબા સમયથી અટકેલા કામ સાંજે પૂરા થવાની સંભાવના છે.

મિથુન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

કર્ક : આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઈ શકે છે, સંયમથી કામ કરો.

કન્યા : આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઈચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલા : આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે.

વૃશ્ચિક : આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. પરંતુ, તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખો.

ધનુ : આજે આવકના નવા સ્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો. વિરોધીઓ તમને ફરીથી અને પરેશાન કરવાનો પ્રયાસ કરશે પરંતુ તે જાતે જ પરાજિત થશે. આંખની સમસ્યાથી સાવધાન રહેવું.

મકર : આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

કુંભ : આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન : આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતા પ્રમાણમાં પૈસા હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

## મફત દિવ્યાંગ અને નિર્ધન સામૂહિક વિવાહ સમારોહ યોજાયો

# ગુજરાત સહિત દેશભરની ૫૦ પુત્રીઓ ડોલીમાં બેસી સાજનના ઘરે પહોંચી

### નારાયણ સેવા સંસ્થાન દ્વારા ૩૮માં સામૂહિક વિવાહ સમારોહમાં પર્યાવરણ અને સ્વચ્છતાનો સંદેશ અપાયો



**પંચમહાલ સમાચાર**/ઉદયપુર,
નારાયણ સેવા સંસ્થાનનો ૩૮માં મફત દિવ્યાંગ અને નિર્ધન યુવક યુવતી સમારોહ ધામધૂમથી સંપન્ન થયો હતો આ સમારોહમાં ગુજરાત અને દેશભરમાંથી આવેલી ૫૦ જોડીઓએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત વચન લઈ લગ્નગ્રંથીથી જોડાઈ હતી આ સમારોહના મુખ્ય અતિથિ રાજયના ઉદ્યોગ અને દેવસ્થાન મંત્રી શુકન્તલા રાવતે વીડિયો સંદેશ દ્વારા નવ દંપત્તિઓને આરોગ્ય સમૃધ્ધિ અને સુખમય જીવનના આર્શીવાદ આપ્યા હતાં.

સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજસ્થાન,ગુજરાત ઉતરપ્રદેશ બિહાર વગેરે રાજયોના દિવ્યાંગ અને નિર્ધન ૫૦ જોડીઓ લગ્નગ્રંથી જોડાઈ હતી આ જોડીઓમાંથી મોટાભાગની સંસ્થાનની હોસ્પિટલમાં જ દિવ્યાંગતા સુધારની મફત સર્જરી કરાવી હતી સંસ્થાન દ્વારા તેમને સ્વનિર્ભર અને પુર્નવાસની દૃષ્ટિથી રોજગારીની તાલીમ આપવામાં આવી હતી આ જોડીઓમાંથી કોઈ પગથી તો કોઈ હાથથી દિવ્યાંગ હતી.

લગ્ન સમારોહમાં તમામ વરરાજાઓની તોરણની વિધિ કરવામાં આવી હતી અને ત્યારબાદ મંચ પર વર અને કન્યાએ એક બીજાને વરમાળા પહેરાવી હતી આ પ્રસંગે તમામ વર અને કન્યાઓ પર ગુલાબી રંગની પાંખડીઓની વર્ષા કરવામાં આવી હતી આ દરમિયાન સમગ્ર મંડપ પરિસરમાં હાજર મહેમાનોએ વર કન્યાને અભિનંદન પાઠવ્યા હતાં ૫૦ વેદી કુંડો પર આચાર્યોએ મુખ્ય આચાર્યના નિર્દેશનમાં વૈદિક વિધિથી લગ્નવિધિ સંપન્ન કરાવી હતી આ સમારંભમાં સંસ્થાનના સહ સંસ્થાપક કમલાદેવી અગ્રવાલ,નિર્દેશક વંદના અગ્રવાલ ટ્રસ્ટી દેવેન્દ્ર ચૌબીસા જગદીશ આર્ય સંસ્થાનના સંયોજક મગિમ જૈન વગેરે હાજર રહ્યાં હતાં

સંસ્થાન તરફથી લગ્નગ્રંથીથી જોડાયેલ તમામ જોડીઓને વસ્ત્રો,આભૂષણ,ગૃહસ્થીની સામગ્રી ભેટમાં આપવામાં આવી હતી આ સમારોહને યાદગાર બનાવવા માટે તમામ જોડીઓને ભેટમાં એક છોડ અને એક ડસ્ટબીન આપવામાં આવ્યો હતો અને તેમને જણાવાયુ હતું કે પોતાના ઘરની બહાર છોડને ઉછેરવામાં આવે અને ઘરની આસપાસ સાફ સફાઈ કરવામાં આવે. સાંકેતિક રીતે પાંચ દિવ્યાંગ જોડીઓથી સંસ્થાન પરિસરમાં પાંચ છોડ રોપવામાં આવ્યા હતાં.લગ્નવિધિ સંપન્ન થયા બાદ કન્યાઓ ડોલીમાં બેસી સાજનના ઘરે જવા માટે મંડપની બહાર આવી ત્યારે તમામની આંખોમાંથી આસું આવી ગયા હતાં જોડીઓએ અતિથિઓના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતાં

અતિથિઓનું સ્વાગત કરતા સંસ્થાપક ચેરમેન પદ્મશ્રી કૈલાશ માનવે કહ્યું હતું કે જે દિવ્યાંગ અને નિર્ધન પરિવારોનના યુવક યુવતીઓએ પોતાની ગરીબી અને દિવ્યાંગતાને કારણે કયારેય ગૃહસ્થીની કલ્પના કરી ન હતી પરંતુ સંસ્થાન દ્વારા તેમને હરસંભવ મદદ કરવામાં આવી હતી આજે તેઓ સમાજના સહયોગથી અન્ય લોકોની જેમ તમામ અને ભવ્યતાની સાથે લગ્નગ્રંથી જોડાયા છે તેમની આ કલ્પના આજે પુરી કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજસ્થાન સરકારના જન આરોગ્ય મંત્રી ડો મહેશ જોશીએ સંદેશમાં કહ્યું હતું કે નર સેવા નારાયણ સેવાએ સમાજમાં એક ઉદાહરણ પુરૂ પાડયુ છે હું તમામ જોડીઓને વૈવાહિક જીવન શરૂ કરવા પર ઉજજવલ ભવિષ્યની કામના કરૂ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં મતદાર નોંધણી કાર્યક્રમમાં એક દિવસમાં ૧૫૩૯૫ અરજીઓ મળી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં મતદાર નોંધણી ઝુંબેશ માં ૨૦૪૬૩ અરજી મળી છે. એ ઉપરાંત ૨૮ મી ઓગષ્ટે ૧૫૩૯૫ અરજી મળી હતી તેમજ ૪ મી સપ્ટેમ્બરે જિલ્લાના તમામ ૯૭૪ બુથ પર કેમ્પ યોજાશે, ૧૦મી ઓક્ટોમ્બરના રોજ મતદારયાદી આખરી પ્રસિધ્ધિ કરાશે.

આ ખાસ ઝુંબેશ દરમ્યાન જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર સહિત નાયબ ચુંટણી અધિકારી સહિત અધિકારીઓએ જિલ્લાના વિવિધ બુથોની મુલાકાત લીધી હતી.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં નવા મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ ૧૨મી ઓગષ્ટ થી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં તા.૨૧ અને ૨૮મી ઓગષ્ટ તેમજ તા.૪ અને ૧૧મી સપ્ટેમ્બરના આમ ચાર રવિવાર ખાસ ઝુંબેશના દિવસ તરીકે જાહેર કરી મતદાર યાદીમાં નામ દાખલ કરવા, કમી કરવા કે સુધારો કરવા માટે અરજીનો નિકાલ કરવામાં આવી રહ્યા છે.

૨૮મી ઓગષ્ટે મહીસાગર જિલ્લાના તમામ બુથ પર આ કાર્યક્રમ દરમ્યાન ૧૫૩૯૫ ફોર્મ્સ સ્વિકારવામાં આવ્યા હતા જેમાં નવા મતદાર તરીકેની નોંધણી માટે ૪૮૯૪ ફોર્મ નં-૬ તેમજ સ્થળાંતરના કારણે સરનામું બદલ્યું હોય, નામ કમી કરવાનું હોય તેવા ૮૨૯ ફોર્મ નં-૭ સ્વિકારવામાં આવ્યા હતા.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કર્યક્રમ હેઠળ મતદાર તરીકે નોંધણી કરાવવા હજી કોઈ યુવા મતદારો બાકી રહી ગયા હોય તો તા.૪ અને ૧૧ સપ્ટેમ્બર ના રોજ BLO પાસે જઈ નોંધણી કરાવી શકે છે તેમજ ચૂંટણી પંચ દ્વારા આપેલ વેબ સાઈટ http://www.nvsp.in, https://voterportal.eci.gov.in, તથા voter help line app પર ઘરે બેસીને ઓનલાઈન નોંધણી કરી શકો છો.

# સંતરામપુર રાષ્ટ્રીય શૈક્ષણિક મહોત્સવ દ્વારા જુની પેન્શન યોજના માટે ૩૦ સપ્ટેમ્બર થી આંદોલનના મુડમાં

સંતરામપુર,
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંગ દ્વારા અને તમામ વર્ગના શિક્ષકો અને કર્મચારીઓ જોડાશે જૂની પેન્શનની અમોલ માટે સૂત્ર ચાર રેલી શહીદ કાર્યક્રમ રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંગ ગુજરાતના વડ પણ હેઠળ રચાયેલી રાષ્ટ્રીય ઓલ પેન્શન પુનઃ સ્થાપન સંયુક્ત મોરચો ગુજરાત મહિસાગર જિલ્લાના તમામ કર્મચારી મહામંડળ જિલ્લા સંતરામપુર તાલુકો અને મહીસાગર સંયુક્ત ઉપક્રમે જૂની પેન્શન યોજના અમલીકરણની ન્યાયસંગત માંગણીને વધારે બુલંદ બનાવવા માટે કર્મચારીના ભવિષ્યના હિત સાથે સંકળાય લડતના સમય તારે ક્રમિક કાર્યક્રમો કરવાની સાથે સાથે સરકારમાં ઉગ્ર રજૂઆત કરવામાં આયોજન મહીસાગર જિલ્લામાં ઓનલાઈન આ મિટિંગ યોજવામાં આવેલી હતી. જેમાં જૂની પેન્શન યોજના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ સૂત્ર ચાર રેલી તથા અગામી ૩ સપ્ટેમ્બરના રોજ કલેકટર ની આવેદનપત્ર ૧૭ સપ્ટેમ્બરના રોજ માસ સીએલ તારીખ ૨૨ સપ્ટેમ્બરના રોજ પેન ડાઉન તથા ૩૦ સપ્ટેમ્બર થી જિલ્લાના તમામ કર્મચારી દ્વારા આ ચોક્કસ મુદતની હડતાળ સુધીના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવેલ છે. આમાં આ ઓનલાઈન મિટિંગમાં હોદ્દેદારો સભ્યો હાજર રહીને બહાલી આપેલી હતી. કર્મચારીને મળવા પાત્ર સાતમા પગાર પંચના બાકી તમામ નાણાકીય લાભ મળવા જોઈએ ૪૨૦૦ ગ્રેડ-પે પ્રાથમિક અને માધ્યમિક શાળા ઓને શિક્ષકોના અન્ય પ્રશ્નો સાથે મુખ્ય શિક્ષકએચ-ટેટના પ્રશ્નો વગેરે બાબતે પણ સરકારમાં ઉગ્ર અને પરિણામલક્ષી રજૂઆત કરવા માટેનું આયોજન કરાયું હતું. મહીસાગર જિલ્લાના રાષ્ટ્રીય શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ નીતિનભાઈ પટેલ હોદ્દેદારો તમામ હાજર રહીને નિર્ણય લીધેલો હતો.

# ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર અદાલત ગોધરાનો હુકમ ફેરફાર થતા અરજદારને નોકરીમાં હાજર કરવાના આદેશથી સરકારના કાયમી થવાના પરિપત્રોના લાભો મેળવવાના હકદાર બનતા સામૂહિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓમાં આનંદ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના મલાવ મુકામે આવેલ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા રેફરલ હોસ્પિટલ હાલોલ તેમજ આશુતોષ મુની મેડિકલ સેન્ટર મલાવ તાલુકો કાલોલના તાબા હેઠળ તારીખ ૧૭/૧/૨૦૦૦ થી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સવિતાબેન મંગળભાઈ હરિજનને સંસ્થાના અધિકારીઓએ તેમને કાયમી કરવાના પડે અને સરકારના નિયત કરેલ પગાર ધોરણ ચૂકવવા ના પડે તેવા કારણોસર કોઈપણ જાતના કક્કો ચૂકવ્યા સિવાય તારીખ ૨/૫/૦૬ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છૂટા કરી દેતા અરજદાર સવિતાબેને ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા સંસ્થાના અધિકારીઓને અરજદારને પડેલા દિવસોના પુરા પગાર સહિત તેની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા બાબતે નોટીસ પાઠવે પરંતુ તે બાબતે કોઈ સુખદ સમાધાન ન થતા આ વિવાદ નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ કેસ નંબર ૪૨/૧૪ દાખલ કરવામાં આવે જે કેસ ચાલી જતા અરજદાર તરફે ફેડરેશન ના માર્ગદર્શન હેઠળ પેનલ એડવોકેટ એસ.એ.ભોઈ તથા વૈભવ.આઈ.ભોઈ એ અદાલત સમક્ષ દલીલો કરતા અરજદારને નોકરી અને પડેલા દિવસોનો પગાર પેટે ઉચક વળતર રૂપિયા ૫૯ હજાર વળતર ચૂકવવાનો આદેશ કરતા જે આદેશથી નારાજ થઈ અરજદારે ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસી એ નંબર ૧૭૯૩/૧૯ દાખલ કરેલ હતા. નામદાર ગુજરાત હાઈકોર્ટે મજૂર અદાલત ગોધરાના હુકમમાં તારીખ ૨૩/૮/૨૨ રોજ સુધારો કરી સવિતાબેન હરિજનને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરીથી તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો આદેશ કરેલ છે. જે આદેશથી અરજદારને આવનાર દિવસોમાં સરકારના પરિપત્રના લાભો મેળવવાના હક્કો મળ્યા છે. આ આદેશથી સામૂહિક આરોગ્ય કેન્દ્રના રોજમદાર કામદારોમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

# મોરવા(હ)ના ચાંદપુર ગામે ૪૫ વર્ષીય મહિલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના ચાંદપુર ગામે ૪૫ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ચાંદપુર ગામે ઈન્દીરા આવાસમાં રહેતા મધુબેન સરતાનભાઈ બારીયા ઉ.વ.૪૫એ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવી.

# ઘોઘંબા નગરમાં "મહાકાલ કા રાજાનું" આગમન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા નગરમાં ગણેશ મહોત્સવ પૂર્વે "મહાકાલ કા રાજાનું" આગમન થઈ રહ્યું છે. આજે ઘોઘંબા નગરના મહાકાલ યુવક મંડળ દ્વારા "મહાકાલ કા રાજાને" વાજતે ગાજતે લાવવામાં આવ્યા હતાં. નગરમાં પધારી રહેલા "મહાકાલ કા રાજાને" જોવા નગરજનો ઉમટ્યા હતા. ડીજેના તાલ સાથે ભક્તોના નાચગાન વચ્ચે ઘોઘંબા નગર પધારેલા ગણેશજીને એસ.એચ. વરીયા હાઈસ્કૂલ થી લાઈબ્રેરી સુધી લાવવામાં આવ્યા હતા.

# સામલી થી ગોધરાને જોડતા માર્ગ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ વ્યક્તિનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના સામલી થી ગોધરા તરફ આવતાં રોડ ઉપર ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટક્કર મારતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિત ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી બી ડીવીઝન મથકે નોંધાઈ.

ગોધરા તાલુકાના સામલી ગામ થી ગોધરા તરફ આવતા રસ્તા ઉપર દરૂણીયા હનુમાન મંદિર નજીક ફોર વ્હીલ નં.જીજે.૦૯.બીજે.૯૯૧૯ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક નંબર જીજે.૦૬.ડીએમ.૧૩૪૩ને ટક્કર મારી યોગેશભાઈ રાઉલજીને શરીરે ઈજાઓ કરી તેમજ પાછળ બેઠેલ અલ્પેશભાઈ રોડ સાઈડે પટકાતા માથા તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ કરી ઘટના સ્થળે મોત નિપજાવી ફોર વ્હીલ ચાલક નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# દે.બારીયા ખાતે પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં ગોધરા સાયન્સ કોલેજના વિદ્યાર્થી યુનિવર્સીટીમાં પ્રથમ



દે.બારીયા,
ગુરૂ ગોવિંદ યુનિવર્સીટી તરફ થી દેવગઢ બારીયા સપોર્ટ કોમ્પ્લેક્સમાં પાવર લિફ્ટિંગ કોમ્પીટીશન રાખવામાં આવેલ હતી. જેમાં ગોધરા SPT આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા અશફાક મુસ્તાક પટેલ સ્કોટમાં ૧૦૫kg, બેન્ચ પ્રેસ ૭૫kg, ડેડ લિફ્ટ ૧૪૦kg એમ ટોટલ ૩૨૦kg લિફ્ટ કરી આખી યુનિવર્સીટીમાં પ્રથમ ક્રમે આવી ચેમ્પિયન બની કોલેજ તથા ગોધરાના નામને રોશન કર્યું છે.

# શહેરાની તાડવા હાઈસ્કૂલમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
ભારત સરકારનાં યુવાકાર્ય અને ખેલકુદ મંત્રાલય નેહરૂ યુવા કેન્દ્ર, ગોધરા અને ઘનશાયમહાઈસ્કૂલ,તાડવા શહેરાના સંયુક્ત ઉપક્રમે હાઈસ્કૂલના પટાંગણમાં હોકીના જાદુગર મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતી અને રાષ્ટ્રીય રમત દિવસની આજે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ડી.એ.પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન મુજબ શરૂઆતમાં શાળાના સ્પોર્ટ્સ 'નેશનલ સ્પોર્ટ્સ ડે'નું મહત્વ અને જીવનમાં યોગ, રમતનું મહત્વ સમજાવ્યું હતું અને અમલીકરણ મુજબ શાળાના રમતપ્રેમી વિદ્યાર્થીઓએ 'નેશનલ સ્પોર્ટ્સ ડે' અંતર્ગત જુદા.જુદા દોડ, કૂદ જેવી એથલેટિક્સ રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જયારે દોડ, કબડ્ડી, રસ્સાખેચ, લીંબુ ચમચી, કોથળા દોડજેવી સાંઘિક રમતો પણ રમ્યાં હતા. જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ દ્વારા સૌને બાળકોને પ્રમાણપત્ર, ટોફી અર્પણ સાથે ધન્યવાદ સાથે હાર્દીક અભિનંદન પાઠવ્યા હતા. આમ, તન તંદુરસ્ત; મન તંદુરસ્તના નાતે વિદ્યાર્થીઓ યોગાસનો જાણે, સમજે અને રમત પ્રત્યે રૂચિ જાગે તેવા આશયથી નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવ્યો હતો.

# ગોધરા રાણી મસ્જીદ પાસે ચાલતી ગટર લાઈન કામગીરી હલ્કી ગુણવત્તાની કરાતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

ગોધરા,
ગોધરાના પશ્ચિમ વિસ્તારના રાણી મસ્જીદ પાસ પાલિકા દ્વારા ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. તે હલ્કી ગુણવત્તાની તેમજ વેઠ ઉતારવામાં આવતી હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

ગોધરા રાણી મસ્જીદ પાસે પાલિકા દ્વારા વરસાદી પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામાં આવી રહી છે. ગટર લાઈનની કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા હલ્કી અને તકલાદી તેમજ યોગ્ય મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. પશ્ચિમ વિસ્તારમાં લાંબા સમય બાદ વિકાસના કામો થઈ રહ્યા હોય ત્યારે ગટર લાઈન જેવી લાંબા ગાળાની માળખાકીય સુવિધા પુરી પાડવાની યોજના સાચા અર્થમાં સાર્થક કરવા માટે યોગ્ય ગુણવત્તાવાળી કામગીરી કરવામાં આવે તે જરૂરી છે. હાલ ગટર લાઈનની ચાલતી કામગીરીમાં હલ્કી ગુણવત્તાની કામગીરી કરાઈ રહી હોવાના સ્થાનિક લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહી રહ્યા છે.

# ગણેશ ચતુર્થીએ આખો દિવસ રવિયોગ રહેશે : સ્થાપના સવારે ૧૧.૪૩ વાગ્ય કરવી શુભ

આ વર્ષે ગણેશ ઉત્સવ ખૂબ જ શુભયોગમાં ઊજવવામાં આવશે. ગણેશોત્સવની શરૂઆત આજથી ૩૧ ઓગસ્ટ, બુધવારના દિવસથી થઈ રહી છે. શાસ્ત્રોમાં બુધવારનો દિવસ ભગવાન ગણેશને સમર્પિત છે. બુધવારના દિવસે ભગવાન ગણેશજીની પૂજા-આરાધના કરવાથી બધાં જ પ્રકારનાં સુખની પ્રાપ્તિ થાય છે અને જીવનમાં આવતાં વિઘ્નો તરત જ દૂર થઈ જાય છે.

આ સિવાય ગણેશચોથના દિવસે રવિયોગનો સંયોગ પણ બની રહ્યો છે. રવિયોગમાં કરવામાં આવતી પૂજા હંમેશાં લાભકારી હોય છે. આ દિવસે રવિયોગ ૩૧ ઓગસ્ટના સવારે ૬ વાગીને ૦૬ મિનિટથી શરૂ થશે, જે ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૨ વાગીને ૧૨ મિનિટ સુધી રહેશે. ત્યાં જ જો ગ્રહોના યોગની વાત કરવામાં આવે તો ગણેશચતુર્થીના દિવસે ચાર મુખ્ય ગ્રહ સ્વરાશિમાં રહેશે. ગુરુ પોતાની સ્વરાશિ મીનમાં, શનિ મકર રાશિમાં, બુધ ગ્રહ પોતાની જ રાશિ કન્યામાં અને સૂર્યદેવ સ્વરાશિ સિંહમાં રહશે. આ કારણે શુભ સંયોગમાં ગણેશ સ્થાપના કરવાથી જીવનમાં વૈભવ, સમૃદ્ધિ અને સુખની પ્રાપ્તિ થશે.

આ વર્ષે એ બધા જ યોગ-સંયોગ બની રહ્યા છે, જે ગણેશજીના જન્મ સમયે બન્યા હતા. દિવસ બુધવાર, તિથિ ચોથ, નક્ષત્ર ચિત્રા અને બપોર સમય. આ એ જ સંયોગ હતા, જ્યારે પાર્વતીજીએ માટીના ગણેશ બનાવ્યા હતા અને શિવજીએ એમાં પ્રાણ ઉમેર્યા હતાં. આ ઉપરાંત કેટલાક દુર્લભ અને શુભ યોગ બની રહ્યા છે, જે ૩૧ ઓગસ્ટથી ૯ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ દરમિયાન રહેશે.

- ગણેશ સ્થાપના અને પૂજાનાં શુભ મુહૂર્ત.
- સવારે- ૧૧.૪૩થી બપોરે ૧૩.૫૬ સુધી.
- વિજય મુહૂર્ત- બપોરે ૦૨.૦૫થી ૦૨.૫૫ સુધી.
- ગોધૂલિ મુહૂર્ત- સાંજે ૦૬.૦૬થી ૦૬.૩૦ વાગ્યા સુધી.
- અમૃત કાળ- સાંજે ૦૫.૪૨ થી ૦૭.૨૦ સુધી.
- દિવસનાં ચોઘડિયાં.
- લાભઃ સવારે ૦૬.૧૨થી ૦૭.૪૬ સુધી.
- અમૃતઃ સવારે ૦૭.૪૬થી ૦૯.૧૯ સુધી.
- શુભઃ સવારે ૧૦.૫૩થી ૧૨.૨૭ સુધી.
- લાભઃ સાંજે ૦૫.૦૮થી ૦૬.૪૧ સુધી.

: શુભ યોગ સંયોગ :

રવિયોગ- સવારે ૦૫.૩૮થી રાતે ૧૨.૧૨ વાગ્યા સુધી રવિયોગ રહેશે. આ દિવસે શુક્લ યોગ પણ રહેશે.

: નક્ષત્ર- ચિત્રા અને સ્વાતિ :

ગ્રહ- સૂર્ય સિંહમાં, ગુરુ મીનમાં, શનિ મકરમાં અને બુધ કન્યા રાશિમાં રહેશે. આ ચારેય ગ્રહ પોતાની જ રાશિમાં રહેશે. બાકી મંગળ વૃષભમાં અને શુક્ર કર્ક રાશિમાં રહશે. રાહુ મેષ તો કેતુ તુલામાં રહેશે.

જે મૂર્તિમાં ગણેશજીની સૂંઢ જમણી તરફ હોય, એને સિદ્ધિવિનાયક સ્વરૂપ માનવામાં આવે છે, જ્યારે ડાબી સૂંઢવાળા ગણેશ વિઘ્નવિનાશક કહેવામાં આવે છે. સિદ્ધિવિનાયકને ઘરમાં સ્થાપિત કરવાની પરંપરા છે અને વિઘ્નવિનાશક ઘરની બહાર દ્વાર પર સ્થાપિત કરવામાં આવે છે, જેથી ઘરમાં કોઈ પ્રકારનું વિઘ્ન, એટલે કે પરેશાનીઓનો પ્રવેશ થઈ શકે નહીં. ઓફિસમાં ડાબી તરફ સૂંઢવાળા અને ઘરમાં જમણી તરફ સૂંઢવાળા ગણપતિજીને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

ગણેશજીની મૂર્તિ માટીની હોવી જોઈએ, કેમ કે માટીમાં સ્વાભાવિક પવિત્રતા હોય છે. જ્યોતિષીઓ અને ધર્મશાસ્ત્રોના જાણકારોના જણાવ્યા પ્રમાણે, માટીની ગણેશ પ્રતિમા પંચતત્ત્વથી બનેલી હોય છે. એ મૂર્તિમાં જમીન, જળ, વાયુ, અગ્નિ અને આકાશના અંશ રહેલા હોય છે, એટલે એમાં ભગવાનનું આવાહન અને તેની પ્રતિષ્ઠા કરવાથી કાર્ય સિદ્ધ થાય છે. માટીના ગણેશની પૂજા કરવાથી પોઝિટિવ ઊર્જા મળે છે. ત્યાં જ પ્લાસ્ટર ઓફ પેરિસ અને અન્ય કેમિકલ્સ દ્વારા બનેલી મૂર્તિમાં ભગવાનનો અંશ રહેતો નથી. એનાથી નદીઓ પણ અપવિત્ર થાય છે. બ્રહ્મપુરાણ અને મહાભારતના અનુશાસન પર્વમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે નદીઓને ગંદી કરવાથી દોષ લાગે છે.

## મફત દિવ્યાંગ અને નિર્ધન સામૂહિક વિવાહ સમારોહ યોજાયો

# ગુજરાત સહિત દેશભરની ૫૦ પુત્રીઓ ડોલીમાં બેસી સાજનના ઘરે પહોંચી

## નારાયણ સેવા સંસ્થાન દ્વારા ૩૮માં સામૂહિક વિવાહ સમારોહમાં પર્યાવરણ અને સ્વચ્છતાનો સંદેશ અપાયો



**પંચમહાલ સમાચાર**/ઉદયપુર,
નારાયણ સેવા સંસ્થાનનો ૩૮માં મફત દિવ્યાંગ અને નિર્ધન યુવક યુવતી સમારોહ ધામધૂમથી સંપન્ન થયો હતો આ સમારોહમાં ગુજરાત અને દેશભરમાંથી આવેલી ૫૦ જોડીઓએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત વચન લઈ લગ્નગ્રંથીથી જોડાઈ હતી આ સમારોહના મુખ્ય અતિથિ રાજયના ઉદ્યોગ અને દેવસ્થાન મંત્રી શુકન્તલા રાવતે વીડિયો સંદેશ દ્વારા નવ દંપત્તિઓને આરોગ્ય સમૃધ્ધિ અને સુખમય જીવનના આર્શીવાદ આપ્યા હતાં.

સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજસ્થાન,ગુજરાત ઉતરપ્રદેશ બિહાર વગેરે રાજયોના દિવ્યાંગ અને નિર્ધન ૫૦ જોડીઓ લગ્નગ્રંથી જોડાઈ હતી આ જોડીઓમાંથી મોટાભાગની સંસ્થાનની હોસ્પિટલમાં જ દિવ્યાંગતા સુધારની મફત સર્જરી કરાવી હતી સંસ્થાન દ્વારા તેમને સ્વનિર્ભર અને પુર્નવાસની દૃષ્ટિથી રોજગારીની તાલીમ આપવામાં આવી હતી આ જોડીઓમાંથી કોઈ પગથી તો કોઈ હાથથી દિવ્યાંગ હતી.

લગ્ન સમારોહમાં તમામ વરરાજાઓની તોરણની વિધિ કરવામાં આવી હતી અને ત્યારબાદ મંચ પર વર અને કન્યાએ એક બીજાને વરમાળા પહેરાવી હતી આ પ્રસંગે તમામ વર અને કન્યાઓ પર ગુલાબી રંગની પાંખડીઓની વર્ષા કરવામાં આવી હતી આ દરમિયાન સમગ્ર મંડપ પરિસરમાં હાજર મહેમાનોએ વર કન્યાને અભિનંદન પાઠવ્યા હતાં ૫૦ વેદી કુંડો પર આચાર્યોએ મુખ્ય આચાર્યના નિર્દેશનમાં વૈદિક વિધિથી લગ્નવિધિ સંપન્ન કરાવી હતી આ સમારંભમાં સંસ્થાનના સહ સંસ્થાપક કમલાદેવી અગ્રવાલ,નિર્દેશક વંદના અગ્રવાલ ટ્રસ્ટી દેવેન્દ્ર ચૌબીસા જગદીશ આર્ય સંસ્થાનના સંયોજક મગિમ જૈન વગેરે હાજર રહ્યાં હતાં

સંસ્થાન તરફથી લગ્નગ્રંથીથી જોડાયેલ તમામ જોડીઓને વસ્ત્રો,આભૂષણ,ગૃહસ્થીની સામગ્રી ભેટમાં આપવામાં આવી હતી આ સમારોહને યાદગાર બનાવવા માટે તમામ જોડીઓને ભેટમાં એક છોડ અને એક ડસ્ટબીન આપવામાં આવ્યો હતો અને તેમને જણાવાયુ હતું કે પોતાના ઘરની બહાર છોડને ઉછેરવામાં આવે અને ઘરની આસપાસ સાફ સફાઈ કરવામાં આવે. સાંકેતિક રીતે પાંચ દિવ્યાંગ જોડીઓથી સંસ્થાન પરિસરમાં પાંચ છોડ રોપવામાં આવ્યા હતાં.લગ્નવિધિ સંપન્ન થયા બાદ કન્યાઓ ડોલીમાં બેસી સાજનના ઘરે જવા માટે મંડપની બહાર આવી ત્યારે તમામની આંખોમાંથી આસું આવી ગયા હતાં જોડીઓએ અતિથિઓના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતાં

અતિથિઓનું સ્વાગત કરતા સંસ્થાપક ચેરમેન પદ્મશ્રી કૈલાશ માનવે કહ્યું હતું કે જે દિવ્યાંગ અને નિર્ધન પરિવારોનના યુવક યુવતીઓએ પોતાની ગરીબી અને દિવ્યાંગતાને કારણે કયારેય ગૃહસ્થીની કલ્પના કરી ન હતી પરંતુ સંસ્થાન દ્વારા તેમને હરસંભવ મદદ કરવામાં આવી હતી આજે તેઓ સમાજના સહયોગથી અન્ય લોકોની જેમ તમામ અને ભવ્યતાની સાથે લગ્નગ્રંથી જોડાયા છે તેમની આ કલ્પના આજે પુરી કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજસ્થાન સરકારના જન આરોગ્ય મંત્રી ડો મહેશ જોશીએ સંદેશમાં કહ્યું હતું કે નર સેવા નારાયણ સેવાએ સમાજમાં એક ઉદાહરણ પુરૂ પાડયુ છે હું તમામ જોડીઓને વૈવાહિક જીવન શરૂ કરવા પર ઉજજવલ ભવિષ્યની કામના કરૂ છે.

# આપની આજ.......

મેષ : આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ક્ષેત્રે કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહયોગ પણ મળશે.

વૃષભ : આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે. લાંબા સમયથી અટકેલા કામ સાંજે પૂરા થવાની સંભાવના છે.

મિથુન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

કર્ક : આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઈ શકે છે, સંયમથી કામ કરો.

કન્યા : આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઈચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલા : આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે.

વૃશ્ચિક : આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. પરંતુ, તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખો.

ધનુ : આજે આવકના નવા સ્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો. વિરોધીઓ તમને ફરીથી અને પરેશાન કરવાનો પ્રયાસ કરશે પરંતુ તે જાતે જ પરાજિત થશે. આંખની સમસ્યાથી સાવધાન રહેવું.

મકર : આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

કુંભ : આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન : આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતા પ્રમાણમાં પૈસા હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

# ગુજરાત મોડેલની વાસ્તવિકતા : મોતના મુખમાં ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવવા બાળકો મજબૂર

- સુવિધાથી પરિપૂર્ણ તેમજ ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની ગુલબાંગો પોકરતી શિક્ષણ વિભાગની બેદરકારી.
- આઝાદીના અમૃત મહોત્સવ ઉજવતી સરકારના અમૃતકાળમાં સ્માર્ટ સિટી દાહોદમાં શાળાની દુર્દશા.
- ૧૩ ઓરડા ધરાવતી પ્રાથમિક શાળા ની બિલ્ડીંગ જર્જરિત અવસ્થામાં : ૮ વર્ગોમાં સડેલા સિસ્ટમની નિષ્કાળજી તેમજ પાંગળી નેતાગીરીના લીધે ૨૮૭ શિક્ષણ મેળવતા કમનસીબ નાના ભૂલકાઓ.
- આઝાદીના અમૃત મહોત્સવના અમૃતકાળમાં સરકાર અને સિસ્ટમને શર્મસાર કરતી તસ્વીરે દ્વારા શિક્ષણ વિભાગની પોલ ખુલી.

દાહોદ,
સ્માર્ટસીટી દાહોદના મધ્યમાં આવેલી ૧ થી ૮ ધોરણ ધરાવતી જર્જરિત ઓરડાઓમાં બાંધેલી નેટની નીચે મોતના મુખમાં ભયના ઓથાર હેઠળ પ્રાથમિક શાળામાં ૨૮૭ નાના ભૂલકાઓ શિક્ષા મેળવવા મજબૂર બન્યા છે. ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં પોતાનું બાળક સાંજે શાળામાંથી સુરક્ષિત રીતે ઘરે પરત ફરે તેવી કામના કરતા નાના ભુલકાઓના વાલીઓ આવી કપરી પરિસ્થિતિનો સામનો કરી પોતાના વહાલ સોયા બાળકને જીવના જોખમે ભણતર મેળવવા મોકલી રહ્યા છે. ત્યારે આઝાદીના અમૃત મહોત્સવના અમૃતકાળમાં સરકાર અને સિસ્ટમને શર્મસાર કરતી તસ્વીરે તો કોઈને વિચાર કરવા મજબૂર કરી દીધા છે.

સમગ્ર દેશ આંજે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. ત્યારે આ અમૃત કાળમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્યમાંથી શર્મસાર કરતી તસ્વીર સામે આવી છે. જેમાં સ્માર્ટસીટી દાહોદ શહેરના મધ્યમાં આવેલી તેમજ ૧ થી ધોરણ આઠ સુધીની ૧૩ ઓરડા ધરાવતી ગોધરા રોડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૮૭ નાના ભૂલકાઓ મોતના મુખમાં ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવવા મજબુર બન્યા છે. આશરે ૪૦ વર્ષ પહેલા બનેલી આ સરકારી પ્રાથમિક શાળાના તમામ ઓરડા જર્જરિત થઈ જવા પામ્યા છે. ગુજરાતમાં સુવિધા તેમજ ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની ગુલબાંગો પુકારતી સરકાર અને સિસ્ટમની બેદરકારી અને નિષ્કાળજીની તસ્વીર પ્રસ્થાપિત કરાવતી આ શાળાની તસ્વીરે બધાને હચમચાવી મુક્યા છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

શાળાના ઓરડામાંથી ખરતા પોપડાના લીધે ભૂતકાળમાં ત્રણથી ચાર બાળકો ઈજાગ્રસ્ત થયાં હતા. તો કેટલાક બાળકોના વાલીઓએ તો પોતાના બાળકને આ શાળામાંથી કાઢી બીજી શાળામાં મૂકી દીધા હતા. શાળાની દુર્દશાનો અંદાજ આના ઉપરથી લગાવી શકાય કે ઓરડાઓમાથી ખરતા પોપડાના લીધે શાળા સંચાલકો શાળાની જર્જરિત છત ને ગ્રીન નેટથી કવર કરી નાના બાળકોને આવી જોખમી ઓરડામાં બેસાડી શિક્ષણ પૂરૂં પાડી રહ્યા છે. ત્યારે આ તમામ પરિસ્થિતિની વચ્ચે ખરતા પોપડા તેમજ ગ્રીન નેટ ના કવર નીચે મોતના મુખમાં ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવતા નાના ભૂલકાઓ હાલ અભ્યાસ કરી રહ્યા છે. પરંતુ આવી કપરી પરિસ્થિતિમાં ચાલુ શાળા દરમિયાન કોઈ મોટી દુર્ઘટના કે કોઈ પણ અનહોની સર્જાય તો આનો જવાબદાર કોને ગણવો..?? શાળા સંચાલકોને, શિક્ષણ વિભાગને કે સરકારને..??આ એક મોટો સવાલ છે. ત્યારે હાલ આ તમામ પરિસ્થિતિઓની વચ્ચે શાળા સંચાલકોના જણાવ્યા અનુસાર શાળાના રીપેરીંગ માટે વડી કચેરીએ દરખાસ્ત મુકેલી છે. ત્યારે હાલ આવી વિકટ પરિસ્થિતિમાં શાળામાં અભ્યાસ કરતા નાના ભુલકાઓના સુરક્ષા તેમજ વાલીઓના હિતોને ધ્યાને લઈ સલગ્ન વિભાગ તેમજ સરકાર દ્વારા યોગ્ય પગલાં લઈ વિદ્યાર્થીઓને ભયમુક્ત અને સુવિધાઓથી પરિપૂર્ણ શાળાના ઓરડાઓ ઉપલબ્ધ કરાવે તેવી લાગણી તેમજ માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉઠવા પામી છે.

## દાહોદ કલેક્ટર કચેરી બહાર આંગણવાડી બહેનોએ પડતર માંગણીનો વિરોધ દર્શાવ્યો



દાહોદ,
છાપરીમાં જિલ્લા કલેક્ટર કચેરી બહાર આંગણવાડીની બહેનોએ પડતર માંગણીઓને લઈને વિરોધ દર્શાવ્યો હતો જેમાં સરકારનું સંજીવની દૂધ યોજના બંધ કરવા માટે પણ રજૂઆત કરાઈ હતી. તેવું તેમણે જણાવ્યું હતું તેમજ વિવિધ પડતર માંગણીઓને લઈને દાહોદ જિલ્લાની આંગણવાડી બહેનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આંગણવાડી બહેનોની પડતર માંગણીઓને પૂર્ણ કરવા માટે જણાવ્યું હતું.

સરકારની સંજીવની દૂધ યોજના બંધ કરવા માટે પણ આંગણવાડી બહેનોએ રજૂઆત કરી હતી જેમાં આંગણવાડીની બહેનોએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાંથી અનેકોવાર સરકારની સંજીવની દૂધની થેલીઓ રઝળતી મળતી હોય છે અને આ શાળામાંથી ફેંકી દેવામાં આવે છે અને આંગણવાડી બહેનો ઉપર શક કરવામાં આવે છે જેમાં શાળાના બાળકો અને આંગણવાડીના બાળકો આ સંજીવની દૂધ યોજના એટલું ખરાબ આવતું હોય છે તેથી બાળકો તે દૂધ પીતા નથી અને તે દૂધ રસ્તામાં જતા તે લોકો નાખી દેતા હોય છે. જેથી શાળાના બાળકો નાખી દેતા હોય અને આંગણવાડી બહેનો ઉપર આક્ષેપો થતા હોય જેથી સરકાર પાસે માંગ કરવામાં આવી હતી. જેમાં આંગણવાડીની બહેનોએ માગ કરી હતી કે સરકાર દ્વારા સંજીવની દૂધ યોજના બંધ કરવામાં આવે જેથી સંજીવની દુધ યોજનાનું દૂધ છે દૂધની થેલીઓ છે તે બંધ કરવામાં આવે તેવી માંગણી પણ આંગણવાડી બહેનો દ્વારા કરવામાં આવી હતી.

આંગણવાડી બહેનોએ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી તેમની પડતર માંગણીઓને લઈને જણાવ્યું હતું કે, આંગણવાડી બહેનોના કામનું ભારણ ઓછો કરવું વધુ કામ અને ઓછું વેતણ આંગણવાડીની બહેનોને મળતું હોય છે ધાત્રુ માતાઓને અને સગર્ભા માતાઓને દરેક પ્રકારની મદદ આંગણવાડીની બહેનો કરતી હોય છે. તેથી અમને કામનું ભારણ વધારે લાગે છે . જેથી અમારો પગાર ૭૫૦૦ છે, તો તેમાં અમને પરવડતું નથી. તે પગાર સરકાર દ્વારા વધારવામાં આવે તેવી માંગણીઓને લઈને આજરોજ દાહોદ જિલ્લામાંથી આંગણવાડી કાર્ય કરતી બહેનો દાહોદના છાપરી ખાતે આવેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડી હતી અને પોતાની પડતર માંગણીઓને લઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને નારામારી જિલ્લા સેવા સદન ગુંજી નાખ્યું હતું.

## દે.બારીયામાં લાખો રૂપિયાના ખર્ચે પાલિકા દ્વારા બનાવેલ શોપિંગ સેન્ટરની દુકાનો બારોબાર ભાડે પધરાવી હોવાની ચર્ચાઓ



દે.બારીયા,
દેવગઢ બારીયા નગરના ટાવર પાસે પાલિકા તંત્ર દ્વારા બનાવેલ શોપિંગ સેન્ટર ગેરકાયદેસર બાંધી દેતા તે શોપિંગ સેન્ટર ક્યાંક ઘોચ માં પડયું હોય તેમ શોપિંગ ની કેટલીક દુકાનો બારોબાર ભાડે આપી હોય તેમ ભાડું કોના દ્વારા વસૂલવામાં આવે તેવા અનેક સવાલો ઉચ્ચ સ્તરેથી તપાસ હાથ ધરવામાં આવે તો લાખો રૂપિયાનો ભાડું કોને વસૂલ્યો? તેની પોલ બહાર આવે તેમ.

દેવગઢ બારિયા નગરના ટાવર પાસે જૂની એમજીવીસીએલની ઓફિસ આવેલી હતી. ત્યાં તાત્કાલિક ધોરણે પાલિકા તંત્ર દ્વારા ૨૦૧૭ માં પાલિકાના વહીવટ કરતા ઓ દ્વારા એમજીવીસીએલની ઓફિસ ખાલી કરાવી ત્યાં રૂપિયા ૪૩.૭૫.૯૭૭ ના ખર્ચે ૧૯ જેટલી દુકાનોનું શોપિંગ સેન્ટર બનાવી દેવામાં આવ્યું હતું અને તે પછી જાણે આ શોપિંગ સેન્ટર ની કોઈપણ પૂર્વ મંજૂરી લીધેલ ના હોય તેમ આજ દિન સુધી આ શોપિંગ સેન્ટર ધુળ ખાઈ રહ્યું છે હજુ સુધી આ શોપિંગ સેન્ટર ની કોઈપણ જાતની હરાજી કરવામાં આવી નથી. ત્યારે તે વખતના શાસક પક્ષ દ્વારા આ શોપિંગ સેન્ટર પોતાના મનસ્વી પણે પોતાના ફાયદાને લઈ બનાવ્યું હોવાના કારણે ક્યાંક તેને ઉચ્ચ સ્તરેથી હરાજની મંજૂરી આપવામાં આવતી ના હોય તેમ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે હાલ પાલિકા દ્વારા આ બનાવેલ શોપિંગ સેન્ટરની પાછળના ભાગની ચારથી પાંચ જેટલી દુકાનો છેલ્લા કેટલાય સમયથી કોઈને ભાડે આપી હોવાનું જોવાઈ રહ્યું છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા કોઈપણ જાતની હરાજી વગર આ દુકાનો કેવી રીતના ભાડે આપી જેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે ત્યારે શું આ દુકાનોના ભાડા પાલિકામાં જમા થયુ હશે અને થયુ હશે તો કેટલું કે પછી બારોબાર ચવાય જતું હશે જેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે જો આ બાબતે ઉચ્ચ સ્તરેથી તપાસ હાથ ધરવામાં આવે તો આ શોપિંગ ને લઈ અનેક પોલ બહાર આવે તેમ છે. ત્યારે આ બનેલ શોપિંગ સેન્ટર ખરેખર જે તે વખતના શાસક પક્ષ દ્વારા ગેરકાયદેસર મનસ્વી પણે પોતાના ફાયદા માટે બનાવી દેવામાં આવ્યું હોવાનું નગર માં ચર્ચાઈ રહ્યુ હોઈ જેને લઈ તપાસ હાથ ધરવામાં આવે તો પાલિકાના આ શોપિંગ પાછળ થયેલ લાખો રૂપિયાના ખર્ચની પણ રિકવરી થાય તેમ છે. ત્યારે આ બાબતે ઉચ્ચસ્તરેથી હાથ ધરવામાં આવશે કે કેમ તે નગરજને જોવાનું રહ્યું.

## દાહોદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીને આરોગ્ય કર્મચારી મહાસંગ દ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને આવેદન આપવામાં આવ્યું



દાહોદ,
છાપરી ખાતે આવેલી જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીને દાહોદ જિલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘ MPW FNW મેલ સુપર વાઈઝર ફિમેલ સુપર વાઈઝર તાલુકા સુપરવાઈઝર જિલ્લા સુપરવાઈઝર જેવા દાહોદ જિલ્લાના તમામ આરોગ્ય વિભાગના કર્મચારી મહાસંગ દ્વારા આજરોજ ભેગા મળી અને પોતાની પડતર માંગણીઓ જેવી કે ગ્રેડ પે કોરોનાના સમયગાળા દરમિયાન જાહેર રજા અને રવિવારના દિવસે કામ કરેલા દિવસોનો ૧૩૦ દિવસોનો પગાર જેવી માંગણીઓને લઈને સરકાર સાથે આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. પરંતુ આ બેઠક નિષ્ફળ જતા તેમણે પોતાની ભણતર માંગણીઓને જલ્દીમાં જલ્દી પૂર્ણ કરવા માટે જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. અને આરોગ્ય વિભાગની કોવીડની કામગીરી દરમિયાન જે પણ કર્મચારીઓ સહિત થયા છે. તેમને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ પણ જિલ્લા પંચાયત બહાર યોજવામાં આવ્યો હતો અને તે બાદ આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, અમારી પડતર માંગણીઓનું સોલ્યુશન વહેલામાં વહેલી તકે નહીં આવે તો ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ આવનાર દિવસોમાં જે પણ કાર્યક્રમો નક્કી કરશે તેમાં તહચીલા આરોગ્ય કર્મચારી મહા સંગનો સંપૂર્ણ સમર્થન રહેશે તેવું જણાવ્યું હતું.

ગણેશ ચતુર્થી પર્વને લઈને ખાસ કરીને બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે. આવા જ ઉત્સાહનો એક કિસ્સો ગરબાડામાં જોવા મળ્યો હતો કે, જેમાં ગરબાડા તાલુકાના ચંદલા ગામના એક ભાઈ ખરીદી કરવા માટે ગરબાડા આવ્યા હતા અને ખરીદી બાદ દીકરીએ ગણપતિની મૂર્તિ લેવાનું કહેતા તેના પિતાએ તેને ગણપતિની મૂર્તિ અપાવી હતી. ત્યારબાદ તેઓ નાસ્તો કરવા ગયા હતા. જ્યાં નાસ્તાની દુકાન પર આ દીકરીએ નાસ્તો કરવાનો ટાળીને ગણપતિની પ્રતિમાને હાથ માંથી છોડી ન હતી. જે જોતા બાળકોને ભગવાન પ્રત્યે કેટલી બધી આસ્થા હોય છે. તે અહીંયા જોવા મળી હતી.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

## અલખધામ રામદેવજી મંદિર જેસાવાડા ખાતે રામદેવજી નવરાત્રી નિમિત્તે આયોજન અંગેની બેઠક યોજાઈ તથા ધજા નેજાનો કાર્યક્રમ યોજાયો



ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના અલખધામ રામદેવજી મંદિરે રામદેવજી નવરાત્રી મહોત્સવ ઉજવણીની બેઠક પ.પૂ. સંત રામગીરીબાપુના સાનિધ્યમાં યોજાયેલ હતી. જેમાં મંદિરનો અહેવાલ ટ્રસ્ટના મહામંત્રી કિરણસિંહ ચાવડા એ સભા સમક્ષ રજૂ કર્યો હતો. ઉપરાત રામદેવજી નવરાત્રી ભાદરવા સુદ એકમ થી દસમી સુધી ઉજવવા માટે જરૂરી ચર્ચા કરી હતી. સૌ ભક્તજનો એ રંગે ચંગે ઉજવવા અને ગામ માંથી દાન ભેગું કરી મહાભંડારો આપવા વિનંતી કરી હતી. મંદિરના ટ્રસ્ટી કિરણસિંહ ચાવડા, ચરણસિંહ કટારા, વજેસિંહ સોલંકી, નટવરભાઈ વાળંદ, મુકેશભાઈ સોલંકી તથા હસમુખભાઈ જયસ્વાલ, ભકત તાજસિહ, રમેશ કટારા, રામુભાઈનો સાથ સહકાર થી દાન મેળવવામાં આવી રહ્યું છે. તા.૨૮મી એ પાઠ સ્થાપના બાદ તા.૨૯ મી એ સોમવારે રામદેવજી મંદિરે ભાદરવી બીજ નિમિત્તે નેજા ધજા ચડાવીને રાત્રે સુંદર કાંડ મંડળ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ભરત સોની અને ઉગતા કલાકાર જયરાજ શેર દ્વારા નિજારી ભજનોની રમઝટ બોલાવી હતી.

## ધાનપુર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા માંગતા યુવાનોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે

દાહોદ,
ધાનપુર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે નવા તાલીમી પ્રવેશ સત્ર ઓગસ્ટ ૨૦૨૨ માં વિવિધ પ્રકારના એનસીવીટી/જીસીવીટી પેટર્નનાં ટ્રેડ વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે પાત્રતા ધરાવતા ઉમેદવારોએ ભરવા પાત્ર બેઠકો માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોએ ત્રીજા રાઉન્ડના અંતે ખાલી રહેલી બેઠકો માટે વિવિધ ટ્રેડ વ્યવસાયમાં પ્રવેશ મેળવવા માટે https://itiadmission.gujarat.gov.in વેબસાઇટ પર આગામી તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં સાંજે ૫ કલાક સુધીમાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી દૈનિક ધોરણે પ્રવેશ મેળવી લેવાનું રહેશે. જેની નોંધ લઈ નિયત શૈક્ષણિક પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારોને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા માટે જરૂરી તમામ અસલ પ્રમાણપત્રો અને ઝેરોક્ષ નકલ સાથે જરૂરી ફોટોગ્રાફ, પોતાનો મોબાઇલ નંબર અને ઈ-મેલ આઇડી સાથે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ધાનપુર ખાતે રૂબરૂ હાજર રહેવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદ પાલિકા માંડ જાગ્યું અધુરી ભુર્ગભ ગટરની કામગીરી શરૂ કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ સ્માર્ટ સીટી આમ તો અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે અને અવાર નવાર આ સંબંધે દાહોદના ઘણા જાગૃત સમાચાર પત્રોમાં દાહોદ શહેરના વિકાસ માટે સમાચારો પણ પ્રસિધ્ધ કરતાં રહે છે. ત્યારે સફાળે જાગેલ દાહોદ નગરપાલિકા દ્વારા દાહોદ શહેરની દશા અને દિશા બદલાય તે માટે શહેરમાં તાત્કાલિક ધોરણે બાકી રહેલ ભુગર્ભ ગટરની કામગીરીનો આરંભ કરી દીધો છે અને ત્યાર બાદ નવીન રસ્તાઓ પણ બનાવવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે.

દેર આયે દુરસ્ત આયે જેવો દાહોદ સ્માર્ટ સીટીમાં તંત્રના સત્તાધિશોની મોડે મોડે પણ આંખો ઉઘડી છે. દાહોદ શહેરમાં છેલ્લા કેટલાંય સમયથી બંધ પડેલ અને બાકી રહેલ ભુગર્ભ ગટરનું કામકાજ દાહોદ નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે શરૂ કરી દીધું છે. દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત ૧૨.૫૨૭ કિ.મી.ની ભુગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવી છે તેની સાથે સાથે બાકી રહેલ ભુગર્ભ ગટર લાઈન નગરપાલિકા દ્વારા ડી.પી.આર. બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. બાકી રહેલ ૧૩ કી.મી. ની કામગીરી દાહોદ નગરપાલિકા દ્વારા ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે બાદ રસ્તાઓનું પણ નવ નિર્માણ થનાર હોવાનું સામે આવ્યું છે. હાલ દાહોદ શહેરમાં કેટલાંક વિસ્તારમાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે.

દાહોદ શહેરને સ્માર્ટ સીટી જાહેર કર્યાને લગભગ વર્ષો થઈ ગયાં છે, પરંતુ હાલ પણ દાહોદ શહેરવાસીઓ સ્માર્ટ સીટીના નામે માત્ર સપનાઓજ જોતાં રહે છે. દાહોદ શહેર અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે તે પછી સ્વચ્છતા હોય, રસ્તાઓ હોય, પાણી હોય વિગેરે જેવી અનેક સમસ્યાઓ હાલ પણ દાહોદ શહેરના અનેક વિસ્તારોમાં ઉદ્ભવી રહી છે. પાલિકા તંત્ર અને જિલ્લા તંત્ર દ્વારા દાહોદ શહેરવાસીઓની સુખાકારી માટે તાત્કાલિક ધોરણે નવ નિર્માણ કામગીરીનો આરંભ કરવામાં આવે અને વહેલામાં વહેલી તકે દાહોદ શહેરના સ્માર્ટ સીટી બનાવી આપે તેવી લાગણી અને માંગણી દાહોદ શહેરના લોકોમાં ઉઠવા પામી છે.

## દાહોદના રાબડાળ ગામે મકાનમાં જુગાર રમતા ૧૦ જુગારીયાને ૨.૭૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,
દાહોદ તાલુકાના રાબડાળ ગામે એક મકાનમાં પાના પત્તા વડે હારજીતનો પૈસા વડે જુગાર રમતાં ૧૩ જુગારીઓ પૈકી ૧૦ જુગારીઓને પોલીસે ઝડપી પાડી જ્યારે ૦૩ જુગારીઓ પોલીસને ચકમો આપી નાસી જતાં પોલીસે ઝડપાયેલ જુગારીઓ પાસેથી અંગ ઝડતી અને દાવ પરથી કુલ રૂા. ૫૦,૮૮૦ રોકડા રૂપીયા, ૦૪ મોબાઈલ ફોન, ૦૫ મોટરસાઈકલ અને એક ઓટો રીક્ષા મળી કુલ રૂા. ૨,૭૨,૧૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી તમામ ઝડપાયેલ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી ઓગષ્ટના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે રાબડાળ ગામે બામણીયા ફળિયામાં એક મકાનમાં રમાતા જુગાર ધામ પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગાર રમતાં હેમંતભાઈ રમેશભાઈ બામણીયા, સિદ્દીકભાઈ ખલીલભાઈ શેખ, મુકેશભાઈ નારસિંગભાઈ વણજારા, નરેશકુમાર ગગનસિંહ સોની, મનોજભાઈ પરશરામ શર્મા, ગોરસિંગભાઈ રમેશભાઈ મેડા, જયેશભાઈ અશોકભાઈ પરદેશી, મંથનભાઈ રાજેશભાઈ શાહ, બાબુભાઈ મગનભાઈ સંગાડા અને જહીરભાઈ હેમંતભાઈ પઠાણને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૫૦,૮૮૦ તેમજ ૦૪ મોબાઈલ ફોન, ૦૫ મોટરસાઈકલ અને એક ઓટો રીક્ષા મળી કુલ રૂા. ૨,૭૨,૧૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાં હતો. જ્યારે પોલીસને જોઈ નાસી ગયેલ નરેશભાઈ ઉર્ફે નરૂભાઈ મંગુભાઈ બામણીયા, પરેશ ઉર્ફે ગનીયાભાઈ ચારેલ અને એક એક્ટીવા મોપેડ ટુ વ્હીલર ગાડીનો ચાલક મળી ત્રણ જણાની પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કરી દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત તમામ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી ગ્રામ પંચાયતના સરપંચની મનમાનીના વિરૂદ્ધમાં TDOને રજુઆત

સંજેલી,
સંજેલી ગ્રામ પંચાયતના સરપંચ મનાભાઈ ચારેલ દ્વારા પોતાની મનમાની કરી અને પંચાયતનો વહીવટ સભ્યોને બેઠક બોલાવ્યા વગર કે બારોબાર પોતાની મનમાનીથી કરવાનો તેમ શરૂ કરી દેવામાં આવ્યો છે. અનિયમિત મિટીંગ બોલાવવામાં આવે છે. એજન્ડા મુજબ બુકમાં ઠરાવો કરાતા નથી. ઠરાવબુક સરપંચના ઘરે રાખવામાં આવે છે. ગ્રામ પંચાયતોના વિવિધ ખાતાઓ ખોલાયા છે. નાણાંની લેવડ-દેવડ માટે સરપંચ અને તલાટીની સહીનો ઉપયોગ કરાય છે. તલાટી કમ મંત્રીની બદલી થયે ત્રણ માસ વિતી ગયા છતાં પણ નવા તલાટીને ચાર્જ સોંપાયો નથી. તલાટીને તાલુકા બહાર બદલી છતાં પણ તેની સહીનો ઉપયોગ કરી નાણાંની લેવડ-દેવડ કરાય છે. સહીનો નમુનો બદલવામાં આવ્યો નથી. સભ્યોની જાણ બહાર સરપંચે ૧૦૦ એલ.ઈ.ડી.ટ્યુબલાઈટ ચાર જેટલી રકમની ખરીદી કરી અને તેનો ઉપયોગ કર્યા બાદ બાકીની વધેલી ટ્યુબલાઈટો સરપંચે પોતાના ઘરે લઈ જઈ ડેટા સ્ટોકપત્રક નિભાવેલ નથી. વોટર વર્કસના મોટર રિપેરીંગ કામનો ખર્ચ પણ નવી મોટર જેટલો ખર્ચ બતાવી ગેરરિતી આચરી સ્વચ્છ ભારત સુત્રને પ્રાધાન્ય આપવામાં આવતુ નથી. નિયમિત સાફસફાઈ કામ થતુ નથી અને સફાઈ કર્મચારીઓને પગાર માટેનુ કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. સરપંચ દ્વારા આવી અનેક ગેરરિતીઓ આચરી અને પંચાયતની જોગવાઈ વિરુદ્ધ મનસ્વી રીતે વહીવટ કરી વિકાસ અટકી ગયેલ છે. તેમજ પંચાયતની ગ્રાન્ટોને પણ બારોબાર ઉપાડી ગેરવહીવટ થતો હોવાની તેમજ સરપંચની આપ ખુદશાહી ચલાવી એક તરફી વહીવટ કરી અને વિકાસના કામોમાં ચુંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લીધા વગર બારોબાર ગેરવહીવટ કરતા હોવાની આક્ષેપ સાથે ડેપ્યુટી સરપંચ સહિત સભ્યોએ સંજેલી તાલુકા વિસકા અધિકારીને લેખિતમાં રજુઆત કરતા તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.09

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા ખાણ ખનિજ અધિકારીઓની રહેમનજર હેઠળ ખનિજ ચોરીથી સરકારી તિજોરીને લાખોનું નુકશાન

ગોધરા,
ગોધરા લીલેસરા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ બામણીયા તલાવડી માંથી ગેરકાયદેસર રીતે માટીનું ખનન રહયું છે. સરપંચ, તલાટી અને સભ યોની રહેમ હેઠળ માટી ખનનની કામગીરી કરાઈ રહી છે અને સરકારી તિજોરીને લાખો રૂપીયાનું નુકશાન કરાઈ રહ્યું છે.

ગોધરા તાલુકાના લીલેસરા ગ્રામ પંચાયતમાં આવેલ બામણીયા તલાવડી માંથી ગેરકાયદેસર માટી ખનન કરાઈ રહ્યું છે. પંચાયતના સરપંચ, તલાટી અને સભ્યોના મેળાપીપણામાં માટી ખનનનો ધંધો કરાઈ રહ્યો છે અને સરકારી તિજોરીને લાખો રૂપીયાનું નુકશાન કરાઈ રહ્યું છે. લીલેસરા પંચાયત વિસ્તારમાં બામણીયા તલાવડી માંથી ચાલતા માટીના ખનનને ખાણ-ખનિજ વિભાગ એ છુટોદોર આપ્યો હોવાથી આવા ખનિજ ચોરી



તસ્વીર : નુર બાલા, વેજલપુર



કરતાં તત્વોને સરકારી કાયદાને ગણતા નથી. લીલેસરા ગામમાં તલાવડી માંથી થતી માટી ચોરીના ટ્રેકટરના ફોટો અને વિડીયો બનાવી ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓને સ્થળ ઉપર બોલાવી માટે ભરેલા ટ્રેકટર સોંપવામાં આવ્યા હતા

**ખાણ-ખનિજ વિભાગ જીલ્લામાં ચાલતા ખનિજ ખનનની જાણકારી છતાં કાર્યવાહી નહિ**

છતાં ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓ નોટોના વજન થી દબાઈ ગયા હતા અને ખાણ-ખનિજ અધિકારીઓએ માટી ભરેલ ટ્રેકટર ખાલી કરાવી દેખાવ પુરતી કામગી કરવા ટ્રેકટર કલેકટર કચેરી ખાતે લઈ ગયા હતા. તયારે ટ્રેકટર સામે કાર્યવાહી કરવા મજબુર થયા હતા. જાગૃત નાગરિક દ્વારા એફ.આર.આઈ.ની માંગ કરતાં એફ.આર.આઈ. માટે કલેકટરને કરવી પડશે. ત્યારે ગેરકાયદેસર માટી ખનનથી થતાં લાખોના નુકશાન સામે ખાણ-ખનિજ વિભાગ ખનન માફિયાઓ સામે કાર્યવાહી કરશે કે કેમ તે જોવું રહ્યું....?

# ધાર્મિક ટ્રસ્ટની જમીન ઉપર નીતિ નિયમો વિરૂદ્ધ બાંધકામ થયેલ કોમ્પલેક્સની તપાસ થાય તેવી હિન્દુ સંગઠનોની માંગ

ગોધરા,
ગોધરાના સીટી ટીકા નં.૧૪ના સીટી સર્વે નં. ૧૪/૨૮૮/અ- પૈકી કૌસર કોમ્પલેક્સ જમન/અશાંતધારો/એસ.આર.નં.૩૪/૨૦૨૧ વાળી જમીન મિલ્કતોના મુળ માલિક મહાલક્ષ્મી માતાના ટ્રસ્ટ, ગોધરાના વહીવટદારો છે. આ કામે ભાડા પટ્ટા પૈકી વેચાણ આપનાર પટ્ટેદાર હોય જે મિલ્કતોના વારસદાર ન હોય જેથી ભવિષ્યમાં ધાર્મિક અશાંતિ ઉભી થવાની નકારી શકાય તેમ નથી. તેવો પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર તાત્કાલીક તા.૮/૮/૨૦૨૨ના રોજ હુકમ કરેલ છે. જે મિલ્કતોના મુળ માલિક મહાલક્ષ્મી માતાના ટ્રસ્ટ ગોધરાના વહીવટદારો છે. તે જમીનો ઉપર ગેરકાયદેસર લઘુમતી કોમના ઈસમો દ્વારા મોટા મોટા કોમ્પલેક્સ બનાવી તેમજ નગર પાલિકા ખાતે રજીસ્ટ્રર નં.૭/૬૪૦/જી/૫ છે. પરંતુ આ મિલ્કતો ઉપર બાંધકામની પરમીશન બાબતે કોઈ સંમતિ લીધેલ નથી. તેવું જાણવા મળેલ છે. તેમજ લઘુમતી કોમના ઈસમો દ્વારા તમામ દુકાનો ઉપર નીચેની કોઈ સંમતિ કર્યા વગર અમુક ઈસમો પાસેથી પડાવી અશાંતધારો હોવા છતાં તેમજ મુળ માલિક મહાલક્ષ્મી માતાના ટ્રસ્ટ ગોધરાના વહિવટદારો માલિકી જમીનો કાયદા વિરૂદ્ધ ભાડા પટ્ટા લઘુમતી કોમના ઈસમો દ્વારા કાયદા વિરૂદ્ધ લઘુમતી કોમના ઈસમો તથા નગર પાલિકા ચીફ ઓફિસર ગોધરાના વહિવટદારો એ એકબીજા સાથે સંબંધ ધરાવતા ઈસમોનો કોઈપણ જાતની તપાસ કે કાયદા અંગેની તપાસ કર્યા વગર રજીસ્ટ નંબરો વાળી ધાર્મિક મિલ્કતો રફેદફે કરી કરાવી નાખેલ છે. આમ, પોલીસ ઈન્સ્પેકટર ગોધરા શહેર બી ડિવીઝન પોલીસ સ્ટેશન તથા નાયબ પોલીસ અધિક્ષક ગોધરા વિભાગનાઓ એ કાયદો અને વ્યવસ્થા જોખમરૂપ હોય તેઓ મિલ્કતો વેચાણ અંગેની પરવાનગી નહી આપવા અંગે અભિપ્રાય આપેલ છે. ગોધરા પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર તાત્કાલીક ગોધરા દ્વારા પોલીસ અધિક્ષકના સાથે સંમત થઈ તપાસ અભિપ્રાયના અહેવાલમાં ભવિષ્યમાં અનિચ્છનીય ઘટના ના બને અને ભવિષ્યમાં હિન્દુ-મુસ્લીમોના ફસાદ ના થાય જે અંગે કાયદો સાથે રાખી નાયબ કલેકટર અને પ્રાંત ગોધરા તાત્કાલીન દ્વારા તા.૮/૮/૨૦૨૨ના રોજ હુકમ કરેલ છે.

(વધુ આવતાં અંકે)

# શહેરા રેફરલ હોસ્પિટલ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર ટ્રકની ટક્કરે બાઈક ઉપર જતા દિયર ભાભીનું થયું મોત

શહેરા,
શહેરા સરકારી હોસ્પિટલ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ બનેલા બનાવવામાં બાઈક ચાલક તેમજ પાછળ બેઠેલ મહિલાનું ઘટના સ્થળે મોત થતાં પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મરણ ગયેલ દિયર ભાભી નો સંબંધ થતો હોવા સાથે ખટકપુર ગામના હોવાનું બહાર આવ્યું હતું.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર રેફરલ હોસ્પિટલ પાસે ટ્રકના ચાલકે આગળ જતી બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત થયા બાદ ટ્રક ચાલકે પોતાનું વાહન લુણાવાડા તરફ ભગાડી મુકતા ટ્રાફિક જમાદાર પૂજા ભાઈ ભરવાડ સહિતના સ્ટાફ દ્વારા ૨૫ કિલોમિટર સુધી ટ્રકનો પીછો કરીને ટ્રક ચાલકને લુણાવાડા ના દલખુડીયા પાસેથી ઝડપી પાડ્યો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક અને પાછળ બેઠેલ મહિલાનું ઘટના સ્થળ પર કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. પોલીસ બનાવ સ્થળ ખાતે આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરીને બન્ને લાશને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અકસ્માત થયા બાદ થોડીવાર માટે હાઈવે માર્ગ ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાવા સાથે પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોને આ સમગ્ર ઘટનાની જાણ કરતા તેઓ પણ પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા. મરણ ગયેલ વણઝારા પ્રતીક કુમાર રમેશ ભાઈ અને દક્ષાબેન રંણજીત ભાઈ વણઝારા એક પરિવારના હોવા સાથે દિયર ભાભીનો સંબંધ થતો હોવાનું જાણવા મળેલ હતું. આ બનેલા બનાવને લઈને પોસ્ટમોર્ટમ રૂમ ખાતે મૃતકના પરિવારજનો અને સગા સબંધીઓના રોકકળથી વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હોવા સાથે ખટકપૂર ગામમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

# ગોધરા (ક)ના રેવન્યુ સર્વે નં.૪૪૧/અ વાળી જમીનમાં ગેરકાયદેસર દબાણો અને કોર્મશીયલ ઉપયોગ સામે કાર્યવાહી કરવા જીલ્લા કલેકટરને રજુઆત

ગોધરા,
ગોધરા નગરમાં રેવન્યુ સર્વે નંબર ૪૪૧/અ વાળી સરકારી પડતર હેઠળની જમીનમાં ગેરકાયદેસર દબાણ અને બાંધકામ કરી વાણિજય હેતુથી ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે સરકારી પડતર જમીન માંથી દબાણો દુર કરવામાં આવે તેવી માંગ સાથે અરજદારે જીલ્લા કલેકટરને રજુઆત કરી.

**સર્વે નં.૪૪૧ પૈકી-૧, ૪૪૧-અ પૈકી-૨, ૪૪૧-અ પૈકી-૩માં રહેણાંક હેતુ માટે ફાળવાયેલને શરત ભંગ કરી કોર્મશીયલ ઉપયોગ**

ગોધરા શહેરમાં રેવન્યુ સર્વે નં.૪૪૧/અ વાળી સરકારી પડતર જમીન આવેલ હોય આ સરકારી પડતર જમીનમાં કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર દબાણો કરેલ છે. તેમાં રહેણાંક મકાનો તેમજ કોર્મશીયલ દુકાનો, વેલ્ડીંગ કારખાના તેમજ અન્ય દુકાનો બનાવી દીધી છે. ગેરકાયદેસર દબાણોવાળી જગ્યાઓ ઉપર રાજકીય વગ ધરાવતા ઈસમો થ્રી-ફેસ વીજ કનેકશન મેળવેલ છે. અરજદાર સુગરા મોહમદ પિત્તલની માલિકીના સર્વે નં.૪૪૦ પૈકી-૧ અને સરકારી પડતર જમીન સર્વે નં.૪૪૧//અ છે. આ જમીનમાં થોડા વર્ષ અગાઉ સકારી પડતરવાળી ૪૪૧/અ પૈકી-૧માં શેખ ઈનાવતમીયા સિકંદરમીયા નોંધ નં.૧૦૭૫૯ થી ૫૩ ચો.મીટર, શેખ બાબુમીયા સિકંદરમીયાને સર્વે નં.૪૪૧-અ પૈકી-૨માં ૯૯ ચો. મીટર તેમજ શેખ ફકરનબીબી હબીબમીયાને ૧૧૧ ચો.મીટર જમીન રહેણાંક મકાન માટે ફાળવવામાં આવી હતી. પરંતુ આ લોકોએ રહેણાંક જગ્યાએ ગેરકાયદેસર કોર્મશીયલ બાંધકામ કરેલ છે. તેમજ સરકારી પડતર જમીનમાં રહેણાંક મકાન માટે ફાળવેલ જગ્યામાં દબાણ કરી ગેરેજ અને વેલ્ડીંગ કારખાના ભાડે આપેલ છે.

ત્યારે ગોધરા (ક)ની સરકારી પડતર જમીનની માપણી કરાવી ગેરકાયદેસર દબાણો દુર કરી આ જમીન સરકાર હસ્તક લેવામાં આવે તેમજ સરકારના નવા કાયદા મુજબ લેન્ડ ગ્રેબીંગના કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે અરજદાર દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

# શહેરામાં ગણેશ મંડળો દ્વારા ગણેશ મહોત્સવને લઈ અનેરો ઉત્સાહ : આજથી શ્રીજી મૂર્તિની સ્થાપના કરાશે



શહેરા,
શહેરા સહિત સમગ્ર જિલ્લામાં ગણેશ મહોત્સવને લઈને ગણેશ ભકતોમાં અનેરો આનંદ અને ઉત્સાહ છે. ગણેશજીનું ડીજે અને ઢોલ નગારાના તાલે સાથે આગમન થઈ રહયું છે. ગણેશ મંડળો દ્વારા અવનવી ગણેશ પંડાલો સજાવામાં આવી રહ્યા છે. આજે ગણેશ ચતુર્થીના દિવસે નગર અને તાલુકાના ગામ વિસ્તારમાં ૨૦૦થી વધુ ગણેશજીની મૂર્તિનું સ્થાપના બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવનાર છે.

દેવાધિદેવ મહાદેવનો શ્રાવણ માસ પૂર્ણ થતા હવે ગણેશ ભકતો ગણેશજીની ભક્તિમાં લીન થનાર છે. શહેરા નગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તાર મા ગણેશ મંડળો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બજારોમાં શ્રીજીની ૧૦૦ રૂપિયાથી લઈને ૩૦ હજારથી વધુ કિંમતની નાની-મોટી મૂર્તિઓનું વેચાણ થઈ રહયુ છે. ગત વર્ષની જેમ આ વખતે પણ ગણેશ મંડળો દ્વારા મોટી ગણેશ પ્રતિમાઓ પીઓપી ની ખરીદી કરતા જોવા મળી રહ્યા હતા. જ્યારે માટીની નાની મૂર્તિઓ બજારમાં જોવા મળતા અનેક લોકો એ માટીની મૂર્તિ ખરીદી કરી હતી. આ વખતે જન-જન સુધી સંદેશો પહોંચે તે હેતુથી પર્યાવરણને અને સ્વચ્છતાને લગતી અનેક થીમ્સ ગણેશ પંડાલોમાં જોવા મળશે અને ગણેશ પંડાલો ને સજાવામાં આવી રહ્યા છે. શ્રીજીની ત્રણ ફૂટથી લઈને ૧૦ ફૂટથી વધુ લંબાઈ ધરાવતી મૂર્તિઓનું ઢોલ નગારાને ડીજેના તાલ સાથે આગમન થઈ રહ્યું છે. સાથે આતશબાજી પણ જોવા મળતા દિવાળી જેવો માહોલ ત્યાંથી પસાર થતા લોકોને જોવા મળતો હોય છે. આજે ગણેશ ચતુર્થીના દિવસે નગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શેરીઓમાં ઠેરઠેર ગણેશજીની નાની મોટી પ્રતિમાઓની બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરવામાં આવનાર છે.

# ST કર્મચારી મંડળના નવનિયુક્ત સોસાયટી ડીરેક્ટરો ગોધરા વિભાગ ST મઝદુર સંઘનો ભગવો ધારણ કરી BMSમાં જોડાયા



ગોધરા,
એસ.ટી. ગોધરા વિભાગની ક્રેડીટ એન્ડ થીફ્ટ સોસાયટીની તાજેતરમાં થયેલ ચુંટણી બાદ નવીન નિયુક્ત થયેલ એસ.ટી. કર્મચારી મંડળના ડીરેકટરોની પ્રથમ મીટીંગ યોજવામાં આવેલ. જેમાં એસ.ટી. કર્મચારી મંડળના નવીન નિયુક્ત થયેલ ડીરેકટરો દ્વારા કર્મચારી મંડળને અલવિદા કહી ગોધરા વિભાગ એસ.ટી. મઝદુર સંઘને ટેકો આપતા એસ.ટી. મઝદુર સંઘ, ગોધરા વિભાગના પ્રમુખ એસ.એન. સિસોદીયા તથા મહામંત્રી એસ.જે.પટેલ દ્વારા તમામ ડીરેકટરોને બી.એમ.એસ. નો ખેસ પહેરાવી તેઓનું સ્વાગત કરવામા આવેલ. તેમજ તમામ ડીરેકટરો દ્વારા નવનિયુક્ત પ્રમુખ તથા મંત્રીને ટેકો જાહેર કરી એસ.ટી. મઝદુર સંઘને સમર્થન આપતા એસ.ટી. સોસાયટી હવેથી ગોધરા વિભાગ એસ.ટી. મઝદુર સંઘના હવાલે.

# રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બાળકોના અધિકાર વિશે કેમ્પના આયોજન અંગે બેઠક યોજાઈ

ગોધરા,
રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ભારત સરકાર અને પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે અત્રેના પંચમહાલ જિલ્લામાં તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ બાળકોના અધિકારો બાબતે કેમ્પ રાખવામાં આવશે. જે અંતર્ગત કલેક્ટર કચેરી સભાખંડમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા સચિવ, રાષ્ટ્રીય બાળ આયોગ દિલ્હી અને કલેકટર પંચમહાલ સુજલ મયાત્રાની અદયક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ કેમ્પમાં પંચમહાલ ખાતે બાળકોના અધિકારોનું હનન થતું હોય તેવા પ્રશ્નોની રજુઆતો મળી આવે તે માટે દરેક અધિકારોઓ દ્વારા પ્રચાર પ્રસાર થાય તે માટે કામગીરી કરવી અને પંચમહાલ જિલ્લાની સામાન્ય જનતા, કોઈપણ વ્યકિત, બાળક, માતા-પિતા, બાળકના વાલી, બાળકના સંરક્ષક અથવા સંસ્થાઓ જે બાળકો સાથે સંકળાયેલ હોય તે



પોતાની લેખિત ફરીયાદ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ મુકી શકે છે.

સદર કેમ્પમાં બાળકો અંગેની બાળ મજુરી, બાળ ભિક્ષાવૃત્તિ, ચાઈલ્ડ ટ્રાફીકીંગ, ઘરેલુ હિંસાથી પિડીત બાળકો, સરકારી તેમજ બિન સરકારી નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, છાત્રાલયોમાં બાળકો અંગે ગેરરીતિ, શાળાઓમાં પાયાની જરૂરીયાતોના અભાવ, શાળાઓમાં એક સાથે ફી ભરવા માટે દબાણ અંગે, શાળાઓમાં બાળકોને શારીરિક યાતનાઓ બાબત, શાળાઓમાં બાળકોના નામ નોંધણી અંગેના પ્રશ્નો, દિવ્યાંગ બાળકો, બાળકો સાથે ભેદભાવ, બાળકોનું યૌન શોષણ, બાળકોની સારવારમાં તબીબી પ્રક્રીયામાં બેદરકારી, બાળકોના કુપોષણ, મદયાહન ભોજન જેવી બાળકોના આરોગ્ય શિક્ષણ, સુરક્ષા જેવા અધિકારો બાબતેની અરજીઓ તમામ તાલુકાના મામલતદારની કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી, શિક્ષણ સંબંધિત જિલ્લા શિક્ષણધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારી કચેરી આરોગ્ય સંબધિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ ઉકત બાબતોના બાળકો પ્રશ્નોના જુઆત જિલ્લા કક્ષાએ લેખીત સ્વરૂપમાં રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલના માધ્યમથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં. ૫૯ અને ૬૦, પ્રથમ માળ, જીલ્લા સેવા સદન ૨, ક્લેક્ટર કચેરી કંમ્પાઉન્ડ, ગોઘરા જી.પંચમહાલ, ફોન નં. ૦૨૬૭૨-૨૪૩૪૮૦ ઈ-મેલઃ dcpu-gscpspangujaraLgov.in પર મળે તે રીતે મોકલી આપવાની રહેશે. જે માટે કામગીરી કરવા માટે ક્લેક્ટર પંચમહાલ દ્વારા જિલ્લા અને તાલુકાના અધિકારીઓને સૂચનો આપવામાં આવી હતી. તેવું જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગોઘરા, પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# પંચમહાલ જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગોધરા,
આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ની SVEEP Activity અન્વયે પંચમહાલ જીલ્લાના દિવ્યાંગ મતદારોમાં આવનાર ચૂંટણીમાં મતદાનના અધિકારો બાબતે,



લોકશાહીમાં મતદાનનુ મૂલ્ય તથા ભારતના ચૂંટણી આયોગ તરફથી ખાસ દિવ્યાંગ મતદારો માટે લોન્ચ કરવામાં આવેલ ડઉ આના લાભોના પ્રચાર પ્રસારના હેતુથી નોડલ ઓફિસર PWD દ્વારા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી ગોધરા ખાતે જીલ્લાના દિવ્યાંગ મતદારો માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં દિવ્યાંગ મતદારો ઉપસ્થિત રહયા હતા અને પોતાના મોબાઈલમાં PWD App ડાઉનલોડ કરી હતી. તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગોધરા, પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# વિશ્વવિખ્યાત યોગગુરુ પરમ પૂજ્ય રાજર્ષિ મુનિજી બ્રહ્મલીન થયા

પંચમહાલ,
પંચમહાલ લકુલીશ યોગ યુનિવર્સિટીના સ્થાપક રાજશ્રી મુનિ બ્રહ્મલીન થયા છે. હૃદયરોગના હુમલા બાદ વડોદરાની ખાનગી હોસ્પિટલમાં તેઓનું થયું નિધન થયુ છે. લાઈફ મિશન અંતર્ગત રાજર્ષિ મુનિએ ગુજરાત, ભારત અને વિશ્વમાં યોગાભ્યાસ માટે અનેક સેન્ટરો શરૂ કર્યા છે. રાજશ્રી મુનિજીના બોહળા અનુયાયી વર્ગમાં શોક વ્યાપી ગયો છે. નોંધનીય છે કે, પાંચમા વિશ્વ યોગ દિવસે રાજશ્રી મુનિજીને ૪૩ વર્ષની સાધના બદલ યોગ રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્ય હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે રાજશ્રી મુનિને ખાસ સંબંધો હતા.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે ટ્વિટર પર શોક વ્યક્ત કરતા જણાવ્યુ છે કે, લકુલીશ પરંપરાના કુલગુરુ સ્વામિ રાજર્ષિ મુનિના બ્રહ્મલીન થયાના સમાચાર દુઃખદ છે. તેઓએ વર્ષો સુધી યોગના સંવર્ધન અને વિકાસનું કાર્ય કર્યું. સદ્‌ગતના આત્માની શાંતિ માટે અંતરમનથી પ્રાર્થના તથા શોકગ્રસ્ત અનુયાયીઓને સાંત્વના ? આ ઉપરાંત અનેક રાજકીય નેતાઓએ તેમના નિધન પર શોકની લાગણી વ્યકત કરી છે.

પૂજ્ય સંત યોગાચાર્ય કૃપાળુ મહારાજના પરમશિષ્ય એવા રાજર્ષિ મુનિજી આજ રોજ બ્રહ્મ મુહૂર્તમાં બ્રહ્મલીન થયા છે. તેઓના બ્રહ્મલીન થયાના સંદેશ સાંભળી સમગ્ર ગુજરાતમાં શોક વ્યાપી ગયો છે. તેઓએ સમગ્ર ગુજરાત નહીં, ભારત નહીં પરંતુ વિશ્વભરમાં અષ્ટાંગ યોગનો પ્રચાર-પ્રસાર કર્યો છે. ગુજરાત ખાતે જાખણ-લીમડી, અસા-રાજપીપળા, કાયાવરોહણ-ડભોઈ, કંજેઠા-મોરબી, મોટાભેળા-ડભોઈ, મલાવ-પંચમહાલ તથા ઉત્તરપ્રદેશ રાજ્યના હરિદ્વાર ખાતે આશ્રમો સ્થાપી યોગનો પ્રચાર-પ્રસાર કર્યો છે. એટલું જ નહીં, વિદેશોમાંથી પણ યોગશિક્ષણ પ્રાપ્ત કરવા લોકો મુનિશ્રી પાસે આવતાં હતાં.

આ ઉપરાંત તેઓએ અમદાવાદ ખાતે લકુલીશ યોગ યુનિવર્સિટીની સ્થાપના પણ કરી હતી. વળી, તેઓને રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રીય પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. પરમ પૂજ્ય રાજર્ષિ મુનિજીના અંતિમ દર્શન આજ રોજ સવારે મલાવ કૃપાલુ આશ્રમ ખાતે, બપોરે કાયાવરોહણ આશ્રમ, ડભોઈ ખાતે રાખવામાં આવેલ છે. તેઓશ્રીની અંતિમ વિધિ જાખણ- લીમડી ખાતે રાખવામાં આવેલ છે.